સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 37**

[05/09/21 to 11/09/21]

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)


The King of the King


# કાયદો

બંધારણ, IPC, CRPC, EVIDENCE

LATEST EDITION

- 500+ પરીક્ષાલક્ષી પ્રશ્નો
- પરીક્ષાલક્ષી મહત્વની કલમોની યાદી
- કલમોની ગોખણપટ્ટી વગર ઉદાહરણ દ્વારા સમજશકિત સાથે અભ્યાસ

NOW AVAILABLE




www.iceonline.in


**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**05 SEP-2021**

- દિવસ મહિમા : 5 સપ્ટેમ્બર, (1) રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day) (2) દાન માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Charity)........ 02
- 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેટ (Eat Right Station Certification)........ 03
- ભારત અને સિંગાપોર વચ્ચે નૌસેના અભ્યાસ SIMBEX- 2021નું આયોજન........ 04
- QUESTION ANSWERS ........ 05

**06 SEP-2021**

- કાર્બી આંગલોંગ શાંતિ કરાર (Karbi Anglong Peace Accord)........ 06
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને 'વતન પ્રેમ યોજના' સોસાયટીની ગવર્નિંગ બોડીની પ્રથમ બેઠક ગાંધીનગરમાં યોજાઈ........ 09
- QUESTION ANSWERS ........ 12

**07 SEP-2021**

- દિવસ મહિમા : 7 સપ્ટેમ્બર, વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ........ 13
- તમિલનાડુ ભારતનું પ્રથમ 'ડુંગોંગ સંરક્ષણ રિઝર્વ' સ્થાપિત કરશે........ 13
- ઓરંગ નેશનલ પાર્ક : આસામ........ 14
- હોંગકોંગમાં શોધાયેલ DNA પુરાવા સાથેની નવી નેપોલિયન ટોપી........ 14
- QUESTION ANSWERS ........ 16

**08 SEP-2021**

- દિવસ મહિમા : 8 સપ્ટેમ્બર, (1) વિશ્વ સાક્ષરતા દિવસ (2) વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ અથવા વિશ્વ ફિઝીયોથેરાપી દિવસ........ 17
- ADBએ તમિલનાડુના 'શહેરી ગરીબ આવાસ પ્રોજેક્ટ' માટે 150 મિલિયન ડોલરની લોન મંજૂર કરી........ 17
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિદ્યાંજલિ પોર્ટલ 2.0' અને અન્ય પહેલો શરૂ કરી........ 18
- QUESTION ANSWERS ........ 20

**09 SEP-2021**

- C- 295 વિમાનની ડીલ (C- 295 Aircraft Deal)........ 21
- કાપડ ઉદ્યોગ માટે 'પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ' (PLI) યોજના........ 22
- AUSINDEX- 2021 અભ્યાસ........ 23
- QUESTION ANSWERS ........ 24

**10 SEP-2021**

- દિવસ મહિમા : 10 સપ્ટેમ્બર, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day)........ 25
- NIRF India Rankings- 2021........ 25
- 13મી BRICS Summit- 2021........ 29
- QUESTION ANSWERS ........ 31

**11 SEP-2021**

- રાજસ્થાનમાંથી ડાયનાસોરની ત્રણ પ્રજાતિઓના પગના નિશાન મળી આવ્યા........ 33
- ATL Space Challenge 2021........ 34
- QUESTION ANSWERS ........ 35

ONE LINER ........ 36

QUESTION OF THIS WEEK ........ 41

Tokyo Paralympic-2020 ........ 43


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 5 સપ્ટેમ્બર, (1) રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day) (2) દાન માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Charity)

### રાષ્ટ્રીય શિક્ષક દિવસ

સમગ્ર ભારતમાં દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1962 થી થયો હતો.
- ભારતના પ્રસિધ્ધ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વ ચિંતક અને રાજપુરુષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન 5 સપ્ટેમ્બર ભારતમાં 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.
- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને દ્વિતીય રાષ્ટ્રપતિ હતા.
- 5 સપ્ટેમ્બર, 1888ના રોજ તમિલનાડુના તિરુત્તાની ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેમને વર્ષ 1954માં 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નોંધ : (1) સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'શિક્ષક દિવસ'ની ઉજવણી જુદા–જુદા દિવસે કરવામાં આવે છે.

(2) યુનેસ્કો દ્વારા 1994માં 5 ઓક્ટોબરની 'વિશ્વ શિક્ષક દિવસ' તરીકે સ્થાપના કરવામાં આવી હતી.

(3) આથી 'વિશ્વ શિક્ષક દિન' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શિક્ષક દિન' 5 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' 5 સપ્ટેમ્બરના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શિક્ષક પર્વ- 2021

શિક્ષણ મંત્રાલય દ્વારા 5 થી 17 સપ્ટેમ્બર 2021 સુધી શિક્ષક પર્વ 2021ની ઉજવણી કરવામાં આવી રહી છે.

- શિક્ષકોના મુલ્યવાન યોગદાનનું સન્માન કરવા અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને આગળ વધારવા માટે તેનું આયોજન કરવામાં આવશે.

નોંધ : (1) 5 સપ્ટેમ્બર, 2021ને 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ'ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભારતના 44 શિક્ષકોને 'રાષ્ટ્રીય પુરસ્કાર' થી સન્માનિત કર્યા હતા. આ માટે વેબિનાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) વડાપ્રધાન શ્રી નેરન્દ્રભાઈ મોદીએ 'શિક્ષક પર્વ' 2021 દરમિયાન 7 સપ્ટેમ્બરના રોજ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શિક્ષણ ક્ષેત્રના અન્ય હિસ્સેદારોને સંબોધિત કર્યા હતા.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેટ (Eat Right Station Certification)

તાજેતરમાં ભારતીય રેલવેના ચંદીગઢ સ્ટેશનને મુસાફરોને ઉચ્ચ ગુણવત્તાવાળું પૌષ્ટિક આહાર આપવા માટે 5-સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે.



- આ સર્ટિફિકેટ મેળવનાર ચંદીગઢ રેલવે સ્ટેશન દેશનું પાંચમું રેલવે સ્ટેશન બની ગયું છે.
- આ સર્ટિફિકેટ 'ઈટ રાઈટ ઈન્ડિયા' મૂવમેન્ટનો એક ભાગ છે.
- FSSAI દ્વારા મુસાફરોને ઉચ્ચ ગુણવત્તા અને પૌષ્ટિક આહાર પુરો પાડનાર રેલવે સ્ટેશનને આ સર્ટિફિકેટ આપવામાં આવે છે.
- 1 થી 5ના રેટિંગ સાથે FSSAI પેનલની તૃતિય–પક્ષ ઓડિટ એજન્સીના નિષ્કર્ષ પર રેલવે સ્ટેશનને આ સર્ટિફિકેટ આપવામાં આવે છે.
- 5 સ્ટાર રેટિંગ મુસાફરો માટે સલામત અને આરોગ્યપ્રદ ખોરાક સુનિશ્ચિત કરવા માટે સ્ટેશન દ્વારા કરવામાં આવેલા અનુકરણીય પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

નોંધ : (1) FSSAIનું પૂરું નામ 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' છે.

(2) તે 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006' (FSS એક્ટ) હેઠળ સ્થાપિત એક સવાયત વૈદ્યાનિક સંસ્થા છે.

(3) 'ઈટ રાઈટ ઈન્ડિયા' મૂવમેન્ટએ સરકાર અને FSSAIની એક પહેલ છે જે તમામ ભારતીયો માટે સલામત, સ્વસ્થ અને ટકાઉ ખોરાક સુનિશ્ચિત કરીને દેશની ખાદ્ય વ્યવસ્થામાં પરિવર્તન લાવે છે. તેની ટેગલાઈન 'ફૂડ રાઈટ, બેટર લાઈફ' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ઈટ રાઈટ સ્ટેશન સર્ટિફિકેટ મેળવનાર અન્ય રેલવે સ્ટેશન

- 5 સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેટ મેળવનાર રેલવે સ્ટેશન નીચે મુજબ છે :

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | આનંદ વિહાર રેલવે સ્ટેશન | દિલ્હી |
| 2 | છત્રપતિ શિવાજી ટર્મિનસ | મુંબઈ |
| 3 | મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન | મુંબઈ |
| 4 | વડોદરા રેલવે સ્ટેશન | વડોદરા |
| 5 | ચંદીગઢ રેલવે સ્ટેશન | ચંદીગઢ |

## ભારત અને સિંગાપોર વચ્ચે નૌસેના અભ્યાસ SIMBEX- 2021નું આયોજન


તાજેતરમાં ભારત અને સિંગાપોર વચ્ચે SIMBEX- 2021 નામના નૌસેના અભ્યાસનું આયોજન થયું હતું.

- SIMBEX- 2021 એ ભારત અને સિંગાપોર વચ્ચે દ્વિપક્ષીય નૌસેના અભ્યાસની 28મી આવૃત્તિ હતી.
- આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવવાનો છે.
- SIMBEX- 2021ની આ 28મી આવૃત્તિનું દક્ષિણ ચીન સાગરના દક્ષિણના કિનારે આયોજન કરવામાં આવ્યું હતું.
- બંને નૌકાદળો એકબીજાના દરિયાઈ માહિતી ફ્યુઝન કેન્દ્રોમાં પ્રતિનિધિત્વ ધરાવે છે અને તાજેતરમાં પરસ્પર સબમરીન બચાવ સહાય અને સંકલન પરના એક કરાર પર હસ્તાક્ષર થયા હતા.
- આ અભ્યાસમાં ભારતના માગદર્શિત મિસાઈલ ડિસ્ટ્રોયર INS રણવિજય જહાજ (શિપબોર્ન હેલિકોપ્ટર સાથે), ASW કોર્વેટ INS કિલ્ટન, ગાઈડેડ મિસાઈલ કોર્વેટ INS કોરા અને એક P8I નામનું લાંબા અંતરના દરિયાઈ પટ્રોલિંગ વિમાને ભાગ લીધો હતો.
- જ્યારે સિંગાપોર તરફથી RSN Steadfast ( S- 70 બી નેવલ હેલિકોપ્ટર સાથે), વિક્ટોરી વર્ગ મિસાઈલ કોર્વેટ RSS જોશ, આર્ચર વર્ગની સબમરીન અને Fokker- 50 નામના દરિયાઈ પેટ્રોલિંગ વિમાને ભાગ લીધો હતો.

નોંધ : (1) SIMBEXનું પૂરું નામ 'Singapore-India Maritime Bilateral Exercise' છે.

(2) ભારત અને સિંગાપોર વચ્ચે વર્ષ 1994થી આ નૌસેના અભ્યાસનો પ્રારંભ થયો છે.

(3) સિંગાપોરની 'હોકર સંસ્કૃતિ'ને તાજેતરમાં યુનેસ્કોના પ્રતિનિધિ સૂચિમાં માનવતાના અમૃત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સમાવવામાં આવી હતી.

**1.** ભારતમાં કયો દિવસ 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 5 સપ્ટેમ્બર (B) 6 સપ્ટેમ્બર (C) 7 સપ્ટેમ્બર (D) 8 સપ્ટેમ્બર **(A)**

**2.** ભારતમાં રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ કયા વર્ષથી થયો છે ?

(A) 1958 (B) 1960 (C) 1962 (D) 1968 **(C)**

**3.** 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ'ના સંદર્ભમાં નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ભારતમાં ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તથા દ્વિતીય રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.

(B) દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

**4.** યુનેસ્કો દ્વારા દર વર્ષે કયો દિવસ 'વિશ્વ શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?

(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 15 નવેમ્બર (D) 15 ડિસેમ્બર **(B)**

**5.** શિક્ષણ મંત્રાલય દ્વારા ________ થી ________ સુધી શિક્ષક પર્વ 2021ની ઉજવણી કરવામાં આવશે.

(A) 5 થી 17 સપ્ટેમ્બર, 2021 (B) 5 થી 10 સપ્ટેમ્બર, 2021

(C) 5 થી 7 સપ્ટેમ્બર, 2021 (D) 5 થી 28 સપ્ટેમ્બર, 2021 **(A)**

**6.** તાજેતરમાં કયા રેલવે સ્ટેશનને 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેટ એનાયત થયું છે ?

(A) ચંદીગઢ (B) જયપુર (C) રાજકોટ (D) પૂણે **(A)**

**7.** તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'SIMEX- 2021'નું આયોજન થયું હતું ?

(A) ઓસ્ટ્રેલિયા (B) અમેરિકા (C) મલેશિયા (D) સિંગાપોર **(D)**

**8.** તાજેતરમાં ભારત અને સિંગાપોરની નૌસેના વચ્ચે 'SIMEX- 2021' અભ્યાસની કેટલામી આવૃત્તિનું આયોજન થયું હતું ?

(A) 27મી (B) 28મી (C) 29મી (D) 30મી **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કાર્બી આંગલોંગ શાંતિ કરાર (Karbi Anglong Peace Accord)

તાજેતરમાં આસામના પાંચ વિદ્રોહી જૂથો, કેન્દ્ર સરકાર અને આસામ રાજ્ય સરકારની વચ્ચે ત્રિપક્ષીય કરાર થયો હતો.

- આ કરાર એક ઉગ્રવાદી મુક્ત સમૃધ્ધ ઉત્તર–પૂર્વની દષ્ટિ સાથે સંકલિત છે, જે પૂર્વોત્તરના સર્વાંગી વિકાસ, શાંતિ અને સમૃધ્ધિની કલ્પના કરે છે.

### કાર્બી આંગલોંગ શાંતિ કરાર વિશે

આ કરાર મુજબ વિદ્રોહી જૂથો હિંસાનો માર્ગ છોડી દેશે તથા તેમના હથિયારો પણ સોંપી દેશે.

- આ કરાર પર હસ્તાક્ષર કર્યાની તારીખથી એક મહિનાની અંદર તેમના સંગઠનોને સમાપ્ત કરી દેશે.
- આ અંતર્ગત કાર્બી જૂથો દ્વારા કબજે કરાયેલા તમામ કેમ્પને તાત્કાલિક ખાલી કરવામાં આવશે.
- હજારો ઉગ્રવાદીઓ સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરશે અને તેમના કબજા અંતર્ગતના 300 અત્યાધુનિક શસ્ત્રો પણ મુકશે.
- કરાર પર હસ્તાક્ષર કરનાર 5 વિદ્રોહી જૂથો નીચે મુજબ છે :

(1) કાર્બી લોંગરી નોર્થ કચ્છાર હિલ્સ લિબરેશન ફ્રન્ટ (KLNLF)

(2) પીપલ્સ ડેમોક્રિટિક કાઉન્સિલ ઓફ કાર્બી લોંગરી (PDCK)

(3) યુનાઈટેડ પીપલ્સ લિબરેશન આર્મી (UPLA)

(4) કાર્બી પીપલ્સ લિબરેશન ટાઈગર્સ (KPLT)

(5) કુકી લિબરેશન ફ્રન્ટ (KLF)



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### આ કરારની મુખ્ય લાક્ષણિક્તાઓ

- કાર્બી–આંગલોંગ શાંતિ કરારની મુખ્ય લાક્ષણિક્તાઓ નીચે મુજબ છે :

(1) કાર્બી સંગઠનોનું આત્મ સમર્પણ : 5 ઉગ્રવાદી સંગઠનો (KLNLF, PDCK, UPLA, KPLT અને KLF)એ તેમના હથિયાર સોંપી દીધા હતા અને એક હજારથી પણ વધુ ઉગ્રવાદીઓએ હિંસા છોડી અને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાયા હતા.

(2) વિશેષ વિકાસ પેકેજ : કેન્દ્ર સરકાર અને આસામ સરકાર દ્વારા પાંચ વર્ષમાં રૂ. 1,000 કરોડનું વિશેષ વિકાસ પેકેજ કાર્બી ક્ષેત્રના વિકાસ માટે વિશેષ પ્રોજેક્ટ શરૂ કરવા માટે ફાળવવામાં આવશે.

(3) KAACને વધુ સ્વાયત્તતા : આ કરાર આસામની પ્રાદેશિક અને વહીવટી અખંડિતતાને અસર કર્યા વિના તેની સત્તાનો ઉપયોગ કરવા માટે કાર્બી આંગલોંગ સ્વાયત્ત પરિષદને શક્ય તેટલી સ્વાયત્તતા સ્થળાંતરિત કરશે. એકંદરે, હાલના કરારમાં KAACને વધુ કાયદાકીય, વહીવટી અને નાણાકીય સત્તાઓ આપવાનો પ્રસ્તાવ છે.

(4) પુનર્વસન (પુનર્વસવાટ) : આ કરારમાં સશસ્ત્રો જૂથોના કાર્યકરોનું પુનર્વસન કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(5) સ્થાનિક લોકોનો વિકાસ : આસામ સરકાર KAAC વિસ્તારની બહાર રહેતા કાર્બી લોકોના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે કાર્બી કલ્યાણ પરિષદની સ્થાપના કરશે.

આ કરાર કાર્બી લોકોની સંસ્કૃતિ, ઓળખ, ભાષા વગેરેનું રક્ષણ કરવા અને પ્રદેશના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થશે.

નોંધ : કાર્બી આંગલોંગ ઓટોનોમસ કાઉન્સિલ (KAAC) એક સ્વાયત્ત જિલ્લા પરિષદ છે, જે ભારતીય બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ સુરક્ષિત છે.

## કાર્બી આંગલોંગ

મધ્ય આસામમાં સ્થિત કાર્બી આંગલોંગ આસામ રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે.

- કાર્બી આંગલોંગ વંશીય અને આદિવાસી સમૂહ જેમ કે કાર્બી, દિમાસા, બોડો, કુકી, હમાર, તિવા, ગારો, માન (તાઈ બોલનાર) અને રંગમા નાગા સંસ્કૃતિઓનું મિલન સ્થળ છે.
- કાર્બી આસામનું મુખ્ય વંશીય જૂથ છે, જે ઘણા પક્ષો અને તેમના ભાગોથી ઘેરાયેલું છે.
- આ જિલ્લાને બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે – પૂર્વ કાર્બી આંગલોંગ (EKA) અને પશ્ચિમ કાર્બી આંગલોંગ (WKA), તેનું વડું મથક EKAમાં દિફૂ શહેરમાં સ્થિત છે.
- કાર્બી આંગલોંગ જિલ્લામાં ઉગ્રવાદી જૂથો જેમ કે પીપલ્સ ડેમોક્રેટિક કાઉન્સિલ ઓફ કાર્બી લોંગરી (PDCK), કાર્બી લોંગરી એન.સી હિલ્સ લિબરેશન ફ્રન્ટ (KLNLF) જેવા વગેરે જૂથ એક અલગ રાજ્યની માંગ સાથે ઉભરી આવ્યા હતા.

## ઉત્તરપૂર્વ રાજ્યોમાં તાજેતરના અન્ય શાંતિ કરારો

(1) NLFT ત્રિપુરા કરાર, 2019 :

– 'નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ ત્રિપુરા' (NLFT)ને વર્ષ 1997 થી 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967' હેઠળ પ્રતિબંધિત કરવામાં આવ્યું હતું અને તે આંતરરાષ્ટ્રીય સરહદ પર તેના કેમ્પ દ્વારા હિંસા ફેલાવવા માટે જવાબદાર છે.

– વર્ષ 2005 થી 2015 ના સમયગાળા દરમિયાન NLFTએ હિંસક કાર્યવાહીની લગભગ 317 ઉગ્રવાદી ઘટનાઓ હાથ ધરી હતી.

– NLFT સાથે શાંતિ મંત્રાણા વર્ષ 2015માં શરૂ થઈ હતી. ત્યારબાદ વર્ષ 2016 થી આ સંગઠને કોઈ હિંસક કાર્યવાહી કરી નથી.

– NLFTએ 10 ઓગસ્ટ, 2019ના રોજ ભારત સરકાર અને ત્રિપુરા સરકાર સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

– આ અંતર્ગત ભારત સરકાર દ્વારા પાંચ વર્ષના સમયગાળા માટે 100 કરોડ રૂપિયાનું 'વિશેષ આર્થિક વિકાસ પેકેજ' (SEDP) ઓફર કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) સ્થાનિક લોકોનો વિકાસ : આસામ સરકાર KAAC વિસ્તારની બહાર રહેતા કાર્બી લોકોના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે કાર્બી કલ્યાણ પરિષદની સ્થાપના કરશે.

આ કરાર કાર્બી લોકોની સંસ્કૃતિ, ઓળખ, ભાષા વગેરેનું રક્ષણ કરવા અને પ્રદેશના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થશે.

નોંધ : કાર્બી આંગલોંગ ઓટોનોમસ કાઉન્સિલ (KAAC) એક સ્વાયત્ત જિલ્લા પરિષદ છે, જે ભારતીય બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ સુરક્ષિત છે.

## કાર્બી આંગલોંગ

મધ્ય આસામમાં સ્થિત કાર્બી આંગલોંગ આસામ રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે.

- કાર્બી આંગલોંગ વંશીય અને આદિવાસી સમૂહ જેમ કે કાર્બી, દિમાસા, બોડો, કુકી, હમાર, તિવા, ગારો, માન (તાઈ બોલનાર) અને રંગમા નાગા સંસ્કૃતિઓનું મિલન સ્થળ છે.
- કાર્બી આસામનું મુખ્ય વંશીય જૂથ છે, જે ઘણા પક્ષો અને તેમના ભાગોથી ઘેરાયેલું છે.
- આ જિલ્લાને બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે – પૂર્વ કાર્બી આંગલોંગ (EKA) અને પશ્ચિમ કાર્બી આંગલોંગ (WKA), તેનું વડું મથક EKAમાં દિફૂ શહેરમાં સ્થિત છે.
- કાર્બી આંગલોંગ જિલ્લામાં ઉગ્રવાદી જૂથો જેમ કે પીપલ્સ ડેમોક્રેટિક કાઉન્સિલ ઓફ કાર્બી લોંગરી (PDCK), કાર્બી લોંગરી એન.સી હિલ્સ લિબરેશન ફ્રન્ટ (KLNLF) જેવા વગેરે જૂથ એક અલગ રાજ્યની માંગ સાથે ઉભરી આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉત્તરપૂર્વ રાજ્યોમાં તાજેતરના અન્ય શાંતિ કરારો

(1) NLFT ત્રિપુરા કરાર, 2019 :

– 'નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ ત્રિપુરા' (NLFT)ને વર્ષ 1997 થી 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967' હેઠળ પ્રતિબંધિત કરવામાં આવ્યું છે અને તે આંતરરાષ્ટ્રીય સરહદ પર તેના કેમ્પ દ્વારા હિંસા ફેલાવવા માટે જવાબદાર છે.

– વર્ષ 2005 થી 2015 ના સમયગાળા દરમિયાન NLFTએ હિંસક કાર્યવાહીની લગભગ 317 ઉગ્રવાદી ઘટનાઓ હાથ ધરી હતી.

– NLFT સાથે શાંતિ મંત્રાણા વર્ષ 2015માં શરૂ થઈ હતી. ત્યારબાદ વર્ષ 2016 થી આ સંગઠને કોઈ હિંસક કાર્યવાહી કરી નથી.

– NLFTએ 10 ઓગસ્ટ, 2019ના રોજ ભારત સરકાર અને ત્રિપુરા સરકાર સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

– આ અંતર્ગત ભારત સરકાર દ્વારા પાંચ વર્ષના સમયગાળા માટે 100 કરોડ રૂપિયાનું 'વિશેષ આર્થિક વિકાસ પેકેજ' (SEDP) ઓફર કરવામાં આવ્યું હતું.

**(2) બ્રુ કરાર, 2020 :**

- 'બ્રુ' અથવા રીઆંગ પૂર્વોત્તર ભારતનો આદિવાસી સમુદાય છે.
- આ લોકો મુખ્યત્વે ત્રિપુરા, મિઝોરમ અને આસામમાં રહે છે.
- વર્ષ 1995માં મિઝોરમ રાજ્યની ચૂંટણીમાં ભાગ લેવાને લઈને બ્રુ સમુદાય અને મિઝો સમુદાય વચ્ચે તણાવ ઉભો થયો હતો.
- મિઝો સમુદાયના લોકોએ કહ્યું કે બ્રુ સમુદાયના લોકો રાજ્યના રહેવાસી નથી.
- ત્યારબાદ વર્ષ 1997માં બ્રુ અને મિઝો સમુદાય વચ્ચે અથડામણ થઈ હતી.
- ત્યારબાદ બ્રુ સમુદાયના ઘણા લોકોને પોતાનું ઘર છોડીને શરણાર્થી કેમ્પમાં આશરો લેવો પડ્યો હતો.
- વર્ષ 2020માં કેન્દ્ર સરકાર, ત્રિપુરા સરકાર, મિઝોરમ સરકાર અને બ્રુ સમુદાયના પ્રતિનિધિઓ વચ્ચે બ્રુ શરણાર્થી સંકટને સમાપ્ત કરવાના ઉદ્દેશથી એક કરાર પર હસ્તાક્ષર થયા હતા.

**(3) બોડો શાંતિ સમજૂતિ :**

- આસામમાં સૂચિત અનુસૂચિત જનજાતિઓમાં બોડો સૌથી મોટો સમૂદાય છે.
- તેઓ વર્ષ 1967-68થી એક અલગ બોડો રાજ્યની માંગણી કરી રહ્યા છે.
- વર્ષ 2020માં ભારત સરકાર, આસામ સરકાર અને બોડો સમૂદાયના પ્રતિનિધિઓએ એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- જેમાં 'બોડોલેન્ડ ટેરિટોરિયલ એરિયા ડિસ્ટ્રક્સ' (BTDA)ના પુનઃનિર્માણ સાથે તેનું નામ બદલીને 'બોડોલેન્ડ ટેરિટોરિયલ રિજન' (BTR) નામ કરવામાં આવ્યું હતું.
- આ કરાર હેઠળ તમામ પક્ષો અલગ બોડોલેન્ડ રાજ્ય અથવા કેન્દ્રશાસિતને પ્રદેશને બદલે આસામ રાજ્યની અંદર સ્વાયત્ત બોડોલેન્ડ પ્રદેશની જોગવાઈ માટે સંમત થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને 'વતન પ્રેમ યોજના' સોસાયટીની ગવર્નિંગ બોડીની પ્રથમ બેઠક ગાંધીનગરમાં યોજાઈ




મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને 'વતન પ્રેમ યોજના' સોસાયટીની ગવર્નિંગ બોડીની પ્રથમ બેઠક યોજાઈ હતી.

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'વતન પ્રેમ યોજના' અંતર્ગત રાજ્યના ગામોમાં સર્વાંગી વિવિધ વિકાસના વિવિધ કાર્યો અને ઉત્તમ જનસુવિધા પૂરી પાડવાના હેતુસર ડિસેમ્બર 2022 સુધીમાં 1000 કરોડના વિવિધ કામો પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી.

## વતન પ્રેમ યોજના વિશે

ઓગસ્ટ, 2021માં આ યોજના લોન્ચ કરવામાં આવી હતી.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈપણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાનો છે.
- ગુજરાત સરકારની આ યોજના અંતર્ગત રાજ્યના ગામોમાં સર્વાંગી વિકાસના વિવિધ કાર્યો અને ઉત્તમ જનસુવિધા પૂરી પાડવાના ઉદ્દેશથી <u>ડિસેમ્બર 2022</u> સુધીમાં <u>1000 કરોડ</u>ના કાર્યો હાથ ધરવામાં આવશે.
- દેશમાં કે દેશ બહાર વિશ્વમાં કયાંય પણ વસતા ગુજરાતીઓ 'વતન પ્રેમ યોજના' અંતર્ગત ગુજરાતમાં પોતાની પસંદગીનું ગામ, પોતાની પસંદગીનું કામ અને પોતાની પસંદગીની એજન્સી દ્વારા <u>60%</u> પોતાનું દાન અને <u>40%</u> રાજ્ય સરકારના અનુદાનથી કાર્ય કરાવી શકે છે.
- વતન પ્રેમ યોજના સોસાયટી અંતર્ગત રાજ્યકક્ષાએ <u>Escrow બેંક એકાઉન્ટ</u> તથા જિલ્લા કક્ષાએ વતન પ્રેમ યોજના સોસાયટી હેઠળ અલગથી બેંક એકાઉન્ટ ખોલવાનું રહેશે.
- દાતાશ્રી દ્વારા જે તે કામને લગતી દાનની રકમ આ યોજના હેઠળ ખોલવવામાં આવેલ Escrow એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.
- દાનની રકમ જમા કરાવ્યાના <u>30 દિવસ</u>માં જે તે કામની તાંત્રીક અને વહીવટી મંજૂરી કાર્યવાહી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીને પૂર્ણ કરવાની રહેશે.
- આ વતન પ્રેમ યોજનામાં જે વિવિધ કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે નીચે મુજબ છે :

(1) શાળાના ઓરડાઓ અથવા સ્માર્ટ ક્લાસ
(2) કોમ્યુનિટી હોલ
(3) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
(4) આંગણવાડી
(5) મધ્યાહન ભોજનનું રસોડુ – સ્ટોર રૂમ
(6) પુસ્તકાલય
(7) રમત–ગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો
(8) સી.સી. ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
(9) વોટર રિસાયકલિંગ વ્યવસ્થા તથા ગટર, STP વગેરે.
(10) તળાવ બ્યુટીફિકેશન
(11) એસ.ટી. સ્ટેન્ડ
(12) સોલાર એનર્જી સ્ટ્રીટલાઈટ અને પાણીના ટ્યુબવેલ – કુવાની–પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વતનપ્રેમ યોજનાની ગવર્નિંગ બોડી

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1. | મુખ્યમંત્રીશ્રી | અધ્યક્ષ |
| 2. | પંચાયત મંત્રીશ્રી | ઉપાધ્યક્ષ |
| 3. | પંચાયત વિભાગના અધિક સચિવ | સભ્ય |
| 4. | નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ | સભ્ય |
| 5. | પાણી–પુરવઠા વિભાગના સચિવ | સભ્ય |
| 6. | ગ્રામ વિકાસ વિભાગના સચિવ | સભ્ય |
| 7. | માર્ગ અને મકાન વિભાગના સચિવ | સભ્ય |
| 8. | NRG ફાઉન્ડેશનના અધ્યક્ષ | સભ્ય |
| 9. | સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના સચિવ | સભ્ય |
| 10. | ગ્રામ્ય વિકાસની કામગીરી સાથે સંકળાયેલ બે પ્રતિષ્ઠિત વ્યક્તિ | આમંત્રિત સભ્ય |
| 11. | વિકાસ કમિશનર | સભ્ય સચિવ |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'કાર્બી આંગલોંગ' શાંતિ કરાર કયા રાજ્ય સાથે સંબંધિત છે ?

(A) સિક્કિમ (B) આસામ (C) ઓડિશા (D) મેઘાલય **(B)**

2. તાજેતરમાં આસામના પાંચ વિદ્રોહી જૂથો, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે 'કાર્બી આંગલોંગ ત્રિપક્ષીય' કરાર થયો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ કરાર મુજબ વિદ્રોહી જૂથો હિંસાનો માર્ગ છોડી દેશે તથા તેમના હથિયારો પણ સોંપી દેશે.
2. આ કરાર મુજબ હજારો ઉગ્રવાદીઓ સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરશે.
3. આ કરાર અંતર્ગત કેન્દ્ર સરકાર અને આસામ રાજ્ય સરકાર કાર્બી ક્ષેત્રના વિકાસ માટે 1000 કરોડ રૂપિયા ફાળવશે.
4. આ કરાર અંતર્ગત કાર્બી સમુદાયના આસામ રાજ્ય વિધાનસભામાં ફરજિયાત ચાર મંત્રીનો સમાવેશ કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4 (B) 1, 2, 3 અને 4 **(A)**

3. કાર્બી આંગલોંગ જિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) આસામ (B) અરૂણાચલ પ્રદેશ (C) ઓડિશા (D) ઝારખંડ **(A)**

4. ગુજરાત સરકારની 'વતન પ્રેમ યોજના' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રાજ્યના ગામોમાં સર્વાંગી વિકાસના વિવિધ કાર્યો અને ઉત્તમ સુવિધા પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી છે.
2. આ યોજના અંતર્ગત ડિસેમ્બર 2022 સુધીમાં 1000 કરોડના વિવિધ કાર્યો હાથ ધરવામાં આવશે.
3. આ યોજના અંતર્ગત દેશ કે વિદેશમાં વસતા કોઈપણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 1 અને 3 (B) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 7 સપ્ટેમ્બર, વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ (International Day of Clean Air for blue Skies)

7 સપ્ટેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બિલી દ્વારા **19 ડિસેમ્બર, 2019**ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ **2020**માં આ દિવસની પ્રથમ વખત ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વાયુ પ્રદૂષણ અને તેના દુષ્પ્રભાવો અંગે જાગૃતિ કેળવવાનો છે.

## તમિલનાડુ ભારતનું પ્રથમ 'ડુંગોંગ સંરક્ષણ રિઝર્વ' સ્થાપિત કરશે

તમિલનાડુ સરકારે તાજેતરમાં દક્ષિણપૂર્વ કિનારે પાલ્ક ખાડીમાં ભારતનું પ્રથમ 'ડુગોંગ સંરક્ષણ રિઝર્વ' (**Dugong Conservation Reserve**) સ્થાપવાની જાહેરાત કરી હતી.

- પાલ્કની ખાડીમાં **500** કિ.મી.ના વિસ્તારમાં 'મરીન કન્ઝર્વેશન રિઝર્વ'ની સ્થાપના પણ કરવામાં આવશે.
- સ્થાનિક સમુદાયની ભાગીદારીની મદદથી સરકાર આ પ્રજાતિના રક્ષણ માટે મન્નાર અખાત અને પાલ્કની ખાડી વિસ્તારમાં 'ડુગોંગ મરીન કન્ઝર્વેશન રિઝર્વ' બનાવશે.

### ડુગોંગ

ડુગોંગ એ વિશ્વનું એકમાત્ર શાકાહારી સમુદ્રી સ્તનધારી છે.

- તેને સમુદ્રી ગાય (**Sea Cow**) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ જીવ અત્યારે લુપ્ત થવાની કગાર પર છે.
- આથી તેના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે **28 મે** ના રોજ 'વિશ્વ ડુગોંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓરંગ નેશનલ પાર્ક : આસામ

આસામ કેબિનેટે તાજેતરમાં 'રાજીવ ગાંધી નેશનલ પાર્ક'નું નામ બદલીને 'ઓરંગ નેશનલ પાર્ક' કરવાનો નિર્ણય કર્યો છે.

### ઓરંગ નેશનલ પાર્ક

બ્રહ્મપુત્રા નદીના ઉત્તર કિનારે આવેલું ઓરંગ નેશનલ પાર્ક આસામનું સૌથી જૂનું 'ગેમ રિઝર્વ' છે.

- જેને વર્ષ **1915**માં બ્રિટિશરો દ્વારા 'ગેમ રિઝર્વ' તરીકે સૂચિત કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ વર્ષ **1985**માં અભયારણ્ય તરીકે સ્થાપિત થયું હતું અને **13 એપ્રિલ, 1999**ના રોજ રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.
- વર્ષ **2016**માં તેને દેશના **49**મા ટાઈગર રિઝર્વ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.
- ગુવાહાટીથી આશરે **140** કિ.મી. દૂર આવેલું ઓરંગ નેશનલ પાર્ક એક શિંગડાવાળા ગેંડા, વાઘ, હાથી, જંગલી ડુક્કર, પિગ્મી હોગ્સ અને વિવિધ પ્રકારની માછલી માટે પ્રખ્યાત છે.
- સ્થળ રૂપરેખા (**Topography**)માં સમાનતા અને એક શિંગડાવાળા ગેંડાની સમૃદ્ધ વસતીને કારણે તેને ઘણીવાર 'મીની કાઝીરંગા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## હોંગકોંગમાં શોધાયેલ DNA પુરાવા સાથેની નવી નેપોલિયન ટોપી



તાજેતરમાં હોંગકોંગમાં **DNA** પુરાવા સાથેની એક નવી ટોપી શોધવામાં છે. જે સાબિત કરે છે કે આ ટોપી નેપોલિયન બોનાપાર્ટની છે.

- વર્તમાન આ ટોપી હોંગકોંગમાં એક હરાજીગૃહમાં પ્રદર્શનમાં છે.
- ઈલેક્ટ્રોનિક માઈક્રોસ્કોપી સહિત વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરીને આ ટોપીનું વ્યાપકપણે પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### નેપોલિયન બોનાપાર્ટ

નેપોલિયનનો જન્મ **15 ઓગસ્ટ, 1769**ના રોજ કોર્સિકાના અજાસીયો (ભૂમધ્ય સમુદ્રમાં સ્થિત એક ટાપુ પ્રદેશ) ખાતે થયો હતો.

- તેમને નેપોલિયન-**1** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેઓ ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન પ્રસિદ્ધ થયા હતા અને આ દરમિયાન તેમણે ઘણા સફળ અભિયાનોનું નેતૃત્વ કર્યું હતું.

## નેપોલિયન બોનાપાર્ટનો ઉદય

ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન નેપોલિયન બોનાપોર્ટે લશ્કરની સ્થાપિત રેન્ક દ્વારા ઝડપથી પ્રોત્સાહન મેળવ્યું હતું.

- તેને ફ્રેન્ચ ક્રાંતિનું બાળક માનવામાં આવે છે.
- એક ડાબેરી રાજકીય ચળવળના યુવા નેતા અને ફ્રેન્ચ ક્રાંતિની સૌથી પ્રખ્યાત અને લોકપ્રિય રાજકીય કલબ તરીકે તેમણે જેકોબિન્સ માટે પોતાનો ટેકો સરળતાથી બતાવ્યો હતો.
- તેઓએ ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન ઘણા અભિયાનોનું નેતૃત્વ કર્યુ હતું અને **1793**માં બ્રિગેડિયર જનરલ તરીકે પ્રમોટ થયા હતા.
- **1797**માં તેમણે ઉત્તરી ઈટલીમાં ઓસ્ટ્રિયા સામે વિજય મેળવ્યા પછી તેમણે 'કેમ્પો ફોર્મિયા'ની સંધિ પર વિચાર કર્યો હતો.
- વર્ષ 1799માં **18 બ્રુમેયરનો બળવો** થયો હતો. આ ઘટનામાં નેપોલિયન એક જૂથનો ભાગ હતો જેણે ફ્રેન્ચ ડિરેક્ટરીને સફળતાપૂર્વક ઉથલાવી હતી.
- ડિરેક્ટરીને ત્રણ સભ્યોના કોન્સ્યુલેટ સાથે બદલવામાં આવી હતી. જેમા નેપોલિયન પ્રથમ વાણિજય દૂત **(Counsul)** બન્યા હતા.
- અહીંથી તેઓ ફ્રાન્સના અગ્રણી રાજકીય વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા હતા.
- **વર્ષ 1800**માં મારેન્ગો યુદ્ધમાં નેપોલિયનના દળોએ ફ્રાન્સના કાયમી દુશ્મનોમાંનુ એક ઓસ્ટ્રિયાને હરાવ્યું હતું. અને તેને ઈટાલીમાંથી બહાર કર્યુ હતું.
- આ વિજયથી નેપોલિયનની શક્તિને પ્રથમ વાણિજય દૂત તરીકે સ્થાપિત કરવામાં મદદ મળી હતી.

## નેપોલિયન બોનાપાર્ટ વિશે પરીક્ષાલક્ષી અન્ય માહિતી

**1804**માં તેમણે પોતાને સમ્રાટ જાહેર કર્યો હતો.

- તેઓ **1804થી 1814** સુધી ફ્રાન્સના સમ્રાટ હતા ત્યારબાદ **1815**માં ફરી તેઓ ફ્રાન્સના સમ્રાટ બન્યા હતા.
- **વર્ષ 1815**માં તેના અંતિમ પતન પહેલા યુરોપ ખંડ પર શાસન કરનારા વિશાળ સામ્રાજ્યનું નિર્માણ કરીને તેમણે મોટા ભાગના યુદ્ધો જીત્યા હતા.
- નેપોલિયને ઉત્તર અમેરિકામાં ફ્રાન્સના લુઈસિયા પ્રદેશને નવા સ્વતંત્ર યુનાઈટેડ સ્ટેટ્સને **1803**માં **15 મિલિયન ડોલર**માં વેચી દીધો હતો.
- ભવિષ્યના યુદ્ધો માટે ભંડોળ એકત્ર કરવા માટે તેમણે આ ક્ષેત્ર વેચ્યુ હતું.
- વર્ષ **1804**માં નેપોલિયને 'નેપોલિયન કોડ'ની સ્થાપના કરી હતી જેને 'ફ્રેન્ચ સિવિલ કોડ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- નેપોલિયન બોનાપાર્ટે લોકોને મુક્ત કરવા માટે દેશમાં 'ગુલામી અને સામંતવાદ' પ્રથા નાબૂદ કરી હતી.
- નેપોલિયને સ્કૂલોની વિસ્તૃત પ્રણાલીની સ્થાપના કરી હતી જેને 'લાઈસીસ' કહેવામાં આવે છે. આ પ્રણાલીનો હાલમાં પણ ઉપયોગ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) 1789ની ફ્રાન્સની ક્રાંતિ માત્ર યુરોપની જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વની મહત્વપૂર્ણ ક્રાંતિના રૂપમાં જોવાય છે.

(2) સામાજિક સમાનતા, વિશેષાધિકારોનો અંત અને નિરંકુશ સત્તાધીશો સામે વહીવટી સુધારા માટે આ ક્રાંતિ કરવામાં આવી હતી.

(3) ઘણા લાંબા સમય સુધી ચાલેલી આ ક્રાંતિને કારણે નેપોલિયનનો એક સરમુખત્યારના રૂપે ઉદય થયો. એના શાસનમાં સ્વતંત્રાને સ્થાન ન હતું પરંતુ આ ક્રાંતિની અન્ય બે ભાવનાઓ સમાનતા અને બંધુત્વનું તેમણે સંપૂર્ણપણે પાલન કર્યુ હતું.

## TUESDAY Questions

1. 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર **(B)**

2. સૌપ્રથમ કયા વર્ષે પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 2016 (B) 2017 (C) 2018 (D) 2020 **(D)**

3. કયા રાજ્યમાં ભારતનું પ્રથમ 'ડુગોંગ સંરક્ષણ રિઝર્વ' સ્થાપિત કરવામાં આવશે ?

(A) ત્રિપુરા (B) તમિલનાડુ (C) મેઘાલય (D) આસામ **(B)**

4. ડુગોંગ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ડુગોંગ એ વિશ્વનું એકમાત્ર શાકાહારી સમુદ્રી સ્તનધારી છે.

(B) તેને સમુદ્રી ગાય તરીકે પણ ઓળખવામાં આવે છે.

(C) તેના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં 28 મેના રોજ 'વિશ્વ ડુગોંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

5. તાજેતરમાં 'રાજીવગાંધી નેશનલ પાર્ક'નું નામ બદલીને 'ઓરંગ નેશનલ પાર્ક' કરવામાં આવ્યું છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) આસામ (B) તમિલનાડુ (C) ગોવા (D) કર્ણાટક **(A)**

6. તાજેતરમાં________માં DNA પુરાવા સાથેની એક નવી ટોપી શોધવામાં આવી છે. જે સાબિત કરે છે કે આ ટોપી નેપોલિયન બોનાપાર્ટની છે.

(A) હોંગકોંગ (B) ઈથિપિયા (C) બેઈઝિંગ (D) લંડન **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 8 સપ્ટેમ્બર, (1) વિશ્વ સાક્ષરતા દિવસ (International Literacy Day)
## (2) વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ અથવા વિશ્વ ફિઝીયોથેરાપી દિવસ

### વિશ્વ સાક્ષરતા દિવસ

સમગ્ર વિશ્વમાં સાક્ષરતાના મહત્ત્વ અંગે જાગૃત્તિ લાવવા માટે દર વર્ષે 8 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનેસ્કો (UNESCO) દ્વારા 17 નવેમ્બર, 1966ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત વર્ષ 1967થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2021ની વિશ્વ સાક્ષરતા દિવસની થીમ **"Literacy for a human-centred recovery : Narrowing the digital divide"** છે.

નોંધ : (1) UNESCOનું પૂરું નામ **"united Nations Educational Scientific and Cultural Organization'** છે.

(2) તેનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

## ADBએ તમિલનાડુના 'શહેરી ગરીબ આવાસ પ્રોજેક્ટ' માટે 150 મિલિયન ડોલરની લોન મંજૂર કરી

3 સપ્ટેમ્બર, 2021ના રોજ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ તમિલનાડુ 'શહેરી ગરીબ આવાસ પ્રોજેક્ટ' માટે 150 મિલિયન ડોલરની લોન મંજૂર કરી છે.

- ADB અનુસાર તમિલનાડુ ભારતના આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે. તે હાલમાં કુલ ઘરેલુ ઉત્પાદન (GDP)માં 8.54%નું યોગદાન આપી રહ્યું છે.
- તમિલનાડુમાં આર્થિક તકોએ ગ્રામીણ–શહેરી સ્થળાંતર દરને વેગ આપ્યો છે. ભારતમાં તમિલનાડુમાં પહેલેથી જ સૌથી વધુ શહેરીકરણ દર છે.
- ADB દ્વારા મંજૂર કરેલ આ લોનનો મુખ્ય ઉદ્દેશ સંવેદનશીલ અને વંચિત પરિવારોને સલામત, સમાવિષ્ટ, સસ્તું હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓની એક્સેસ પૂરી પાડવાનો છે.
- તમિલનાડુ રાજ્યમાં ઝડપી શહેરીકરણ અને શહેરી વસતીમાં વધારો જોવા મળી રહ્યો છે.
- આમ પર્યાપ્ત શહેરી માળખાકીય સુવિધાઓ, સેવાઓ અને આવાસની જરૂરિયાત છે.
- આ લોનથી આશરે 6000 ઘરોને સુરક્ષિત કરવામાં મદદ મળશે.
- આ લોનની મદદથી હાઉસિંગ ફોર ધ પુઅર પ્રોજેક્ટ દ્વારા 9 અલગ અલગ સ્થળોએ હાઉસિંગ યુનિટ બનાવવામાં આવશે.
- આ પ્રોજેક્ટ તમિલનાડુમાં આર્થિક અને માળખાકીય વિકાસના નકશા માટે તમિલનાડુના નગર અને દેશ આયોજન નિયામકને મદદ કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ADB

'એશિયન વિકાસ બેંક' અથવા 'એશિયન ડેવલપમેન્ટ બેંક' એક પ્રાદેશિક વિકાસ બેંક છે.

- તેની સ્થાપના 19 ડિસેમ્બર, 1966ના રોજ થઈ હતી.
- ADBનું મુખ્ય મથક ફિલિપાઈન્સના મનીલામાં આવેલું છે.
- ADBમાં વર્તમાન 68 સભ્યો છે.
- ADBમાં શેરનો સૌથી મોટો હિસ્સો જાપાન અને અમેરિકાનો છે.
- ADB વિકાસશીલ દેશોમાં એવા પ્રોજેક્ટને સમર્થન આપે છે જે જાહેર અને ખાનગી ક્ષેત્રોના સહયોગ દ્વારા આર્થિક અને વિકાસની દિશા તરફ કામ કરે છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિદ્યાંજલિ પોર્ટલ 2.0' અને અન્ય પહેલો શરૂ કરી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 7 સપ્ટેમ્બર, 2021ના રોજ શિક્ષણ ક્ષેત્રે 'વિદ્યાંજલી પોર્ટલ 2.0' અને અન્ય ઘણી પહેલ શરૂ કરી છે.

- આ પહેલ ભારતના ભવિષ્યને ઘડવામાં મદદ કરશે.
- શિક્ષકપર્વ સંમેલનના ઉદ્દઘાટન દરમિયાન આ પહેલો શરૂ કરવામાં આવી છે.
- વિદ્યાંજલી પોર્ટલ શાળાના વિકાસ માટે શિક્ષણ સ્વયંસેવકો, દાતાઓ અથવા CSR યોગદાન કર્તાઓને સુવિધા આપવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું છે.

## વિદ્યાંજલિ પોર્ટલ 2.0

શાળા વિકાસ માટે શિક્ષણ સ્વયંસેવકો, દાતાઓ અને CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) યોગદાન આપનારાઓની સહાયતા પ્રાપ્ત કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.

- વિદ્યાંજલિ યોજના એ એક નવીન યોજના છે જે સરકારી શાળાઓમાં સ્વયંસેવક શિક્ષકો આપીને સાક્ષરતા સુધારવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે.
- તેને વર્ષ 2017માં લોન્ચ કરવામાં આવી હતી.
- શિક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ કોઈપણ વ્યક્તિ કે જે ભારતનો નાગરિક છે, NRI, PIO અથવા ભારતમાં નોંધાયેલ કોઈપણ સંસ્થા, કંપની અને જૂથ નીચેની બે રીતે સ્વેચ્છાએ યોગદાન આપી શકે છે :

(A) સેવા પ્રવૃત્તિઓ : મિલકત અથવા સામગ્રી અથવા સાધન સામગ્રી અથવા સાધન સામગ્રી જેમ કે મૂળભૂત નાગરિક માળખું, વર્ગખંડ સહાયક સામગ્રી અને સાધનો, મૂળભૂત વિદ્યુત માળખું, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વધારાની અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ માટે સાધનો, રમતો, યોગ અને આરોગ્ય વગેરે.

– સેવા આપતા અને નિવૃત્ત શિક્ષકો, વૈજ્ઞાનિકો, સરકારી કે અર્ધસરકારી અધિકારીઓ, નિવૃત્ત સશસ્ત્ર દળોના કર્મચારીઓ, શૈક્ષણિક સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ અને અન્ય સાક્ષર વ્યક્તિઓ વિનંતી પર શાળામાં સ્વયંસેવકો તરીકે યોગદાન આપી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અન્ય પહેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણ ક્ષેત્રે અન્ય મહત્ત્વની પહેલ શરૂ કરી છે જે નીચે મુજબ છે :

(1) <u>ભારતીય સાંકેતિક ભાષા શબ્દકોશ</u> : આ પહેલ બાળકો અને શ્રવણ ક્ષતિગ્રસ્ત વ્યક્તિઓ માટે શરૂ કરવામાં આવી છે. જેમાં <u>**10,000**</u> શબ્દો છે.

(2) <u>બોલતા પુસ્તકો</u> : તેમા <u>દષ્ટિહીન વ્યક્તિઓ</u> માટેની ઓડિયોબુક છે.

(3) <u>શાળા ગુણવત્તા મૂલ્યાંકન અને માન્યતા ફ્રેમવર્ક</u> (SQAA) : SQAA તેની સંલગ્ન શાળાઓમાં ધોરણોના રૂપમાં સિદ્ધિના વૈશ્વિક માપદંડ પ્રદાન કરવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા પ્રસ્તાવિત ગુણવત્તાયુક્ત પહેલ છે.

– તે અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર, મૂલ્યાંકન, માળખાકીય સુવિધાઓ, સમાવિષ્ટ પદ્ધતિઓ અને શાસન પ્રક્રિયા જેવા પરિણામો માટે સામાન્ય વૈજ્ઞાનિક માળખાની ગેરહાજરીને દૂર કરશે.

(4) <u>નિપુણ ભારત માટે નિષ્ઠા શિક્ષક તાલીમ કાર્યક્રમ</u> : 'સ્કૂલ હેડ્સ એન્ડ ટીચર્સ હોલિસ્ટિક એડવાન્સમેન્ટ માટે રાષ્ટ્રીય પહેલ' (Nishtha) એકીકૃત શિક્ષક તાલીમ દ્વારા શાળા શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમ છે.

– <u>નિપુણ</u> (સુધારેલ સમજણ અને આંકડાકીય જ્ઞાન સાથે વાંચનમાં પ્રાવીણ્ય માટેની રાષ્ટ્રીય પહેલ) ભારત યોજના મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાના સાર્વત્રિક સંપાદનને સુનિશ્ચિત કરવા સક્ષમ વાતાવરણ બનાવવા માટે શરૂ કરવામાં આવી હતી, જેથી ગ્રેડ III સુધીનું દરેક બાળક <u>વર્ષ **2026-27**</u> સુધીમાં વાંચન, લેખન અને અંકગણિતમાં ઈચ્છિત શિખવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકે.






ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ સાક્ષરતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 સપ્ટેમ્બર (B) 9 સપ્ટેમ્બર (C) 10 સપ્ટેમ્બર (D) 11 સપ્ટેમ્બર (A)

2. વર્ષ 2021ના 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની થીમ શું હતી ?

(A) Literacy Teaching and Learning in the Covid-19 crisis and beyond.

(B) Literacy and multilingualism.

(C) Literacy for a human-centred recovery : Narrowing the digital divide.

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહિ (C)

3. 'વિશ્વ ફિઝીયોથેરાપી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 સપ્ટેમ્બર (B) 8 સપ્ટેમ્બર (C) 9 સપ્ટેમ્બર (D) 10 સપ્ટેમ્બર (B)

4. ADB (એશિયન ડેવલપમેન્ટ બેંક) એ તાજેતરમાં કયા રાજ્યના 'શહેરી ગરીબ આવાસ પ્રોજેક્ટ' માટે 150 મિલિયન ડોલરની લોન આપી હતી ?

(A) તમિલનાડુ (B) રાજસ્થાન (C) પંજાબ (D) સિક્કિમ (A)

5. ADB સંદર્ભે નીચેના પૈકી કયા/કયુ વિધાન સાચા છે ?

(A) ADBનું પૂરું નામ 'એશિયન ડેવલપમેન્ટ બેંક' છે.

(B) તેનું મુખ્ય મથક ફિલિપાઈન્સના મનાલીમાં આવેલું છે.

(C) ADBમાં વર્તમાન 68 સભ્યો છે.

(D) ઉપરોક્ત તમામ (D)

6. શિક્ષક પર્વ સંમેલનના ઉદઘાટન દરમિયાન કોણે 'વિદ્યાંજલિ પોર્ટલ 2.0' લોન્ચ કર્યુ હતું ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિતભાઈ શાહ

(C) શ્રી મનસુખભાઈ માંડવીયા (D) શ્રી રાજનાથ સિંહ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 9 સપ્ટેમ્બર, હુમલાથી શિક્ષણના રક્ષણ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day to Protect Education Form Attack)

## C- 295 વિમાનની ડીલ (C- 295 Aircraft Deal)

સુરક્ષા બાબતોની સમિતિ (CCS)એ એરસ્પેસ ક્ષેત્રમાં મેક–ઈન–ઈન્ડિયા પહેલના ભાગરૂપે ભારતીય વાયુસેના માટે 56 'સી– 295' મેગાવોટ (C- 295 mw) ક્ષમતાવાળા મધ્યમ પરિવહન વિમાનોની ખરીદીને મંજૂરી આપી છે.

- આ 56 'C- 295 mw' વિમાન એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ એસ.એ, સ્પેન પાસેથી ખરીદવામાં આવશે.
- આ નિર્ણય ભારતીય વાયુસેનાના પરિવહન કાફલાને મોટું પ્રોત્સાહન આપશે.
- C- 295 mw પરિવહન એરક્રફટ ખરીદવાના સોદ્દા પર 20,000 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થશે.

### C- 295 mw વિમાન વિશે

C- 295 mwએ આધુનિક ટેકનોલોજીથી સજ્જ એક પરિવહન વિમાન છે. જેની વહનક્ષમતા 5 થી 10 ટનની છે.

- તેમાં ઝડપી પ્રતિભાવ તથા સૈનિકો અને કાર્ગોને છોડવા માટેના પાછળના દરવાજા (Rear Ramp Door) પણ છે.
- તેને સ્વદેશી ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ (Electronic Warfar Suit)ની સાથે સ્થાપિત કરવામાં આવશે.
- તે ભારતીય વાયુસેનાના 'Avro- 778' વિમાનના જૂના કાફલાને બદલશે.
- એવ્રો– 778 વિમાન બ્રિટિશ મૂળનું ટવીન એન્જિન ટર્બોપ્રોપ (British-Orgin Twin-Engine Turboprop) લશ્કરી પરિવહન અને 6 ટનની માલવાહક ક્ષમતા ધરાવતું કાર્ગો વિમાન છે.

### પ્રોજેક્ટ અમલીકરણ

'એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ' (Airbus Defence and Space) અને 'ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ લિમિટેડ' (Tata Advanced Systems Limited- TASL) એ એરસ્પેસ ક્ષેત્રમાં મેક–ઈન–ઈન્ડિયા પહેલના ભાગરૂપે વાયુસેનાને નવા પરિવહન વિમાનોથી સજ્જ કરવાના પ્રોજેક્ટને સંયુક્ત રીતે ચલાવી રહ્યા છે.

- આમાંના પ્રથમ 16 વિમાનો ડીલ પર હસ્તાક્ષર કર્યાના 48 મહિનાની અંદર સ્પેનથી ફ્લાઈટની સ્થિતિમાં પહોંચાડવામાં આવશે.
- જ્યારે બાકીના 40 વિમાન ભારતમાં 'ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ લિમિટેડ' (TASL) દ્વારા એસેમ્બલ કરવામાં આવશે.

નોંધ : ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ લિમિટેડ (TASL)એ ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે. તે ભારતીય સુરક્ષા દળોને ટાટા ગ્રુપ પાસેથી હથિયારો પહોંચાડવા માટે લીડ સિસ્ટમ ઈન્ટિગ્રેશન કંપની છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ડીલનું મહત્વ

ભારતમાં આ પ્રકારનો આ પ્રથમ પ્રોજેક્ટ છે. જેમાં એક ખાનગી કંપની દ્વારા ભારતમાં લશ્કરી વિમાનનું ઉત્પાદન કરવામાં આવશે.

- આ ડીલ ભારતીય ખાનગી ક્ષેત્રને ટેકનોલોજીથી સઘન અને અત્યંત સ્પર્ધાત્મક ઉડ્ડયન ઉદ્યોગમાં પ્રવેશની એક અનોખી તક પૂરી પાડે છે.
- આ કાર્યક્રમ સ્વદેશી ક્ષમતાઓને મજબૂત કરવા અને 'મેક ઈન ઈન્ડિયા'ને પ્રોત્સાહન આપવા માટે એક અનોખી પહેલ છે.
- આ પ્રોજેક્ટ ભારતમાં એરોસ્પેસ ઈકોસિસ્ટમને વેગ આપશે જેમાં દેશભરમાં ફેલાયેલા કેટલાય MSMEs વિમાનના કેટલાક ભાગોના ઉત્પાદનમાં સામેલ થશે.
- આ પ્રોજેક્ટ સ્થાનિક ઉડ્ડયન ઉત્પાદનને પ્રોત્સાહન આપશે જેના પરિણામે આયાત પર ઓછી નિર્ભરતા અને નિકાસમાં અપેક્ષિત વૃદ્ધિ થશે.

## કાપડ ઉદ્યોગ માટે 'પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ' (PLI) યોજના

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ કાપડ ઉદ્યોગ માટે 'પ્રોડક્શન–લિંક્ડ ઈન્સેન્ટિવ' (PLI) યોજનાને મંજૂરી આપી છે.

- ટેક્સટાઈલ ક્ષેત્ર માટે 'પ્રોડક્શન–લિંક્ડ ઈન્સેન્ટિવ' (PLI) યોજના કેન્દ્રીય બજેટ 2021-22 દરમિયાન 13 ક્ષેત્રો માટે જાહેર કરાયેલી PLI યોજનાનો એક ભાગ છે, જેમાં 1.97 લાખ કરોડના ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### પ્રોડક્શન- લિંક્ડ ઈન્સેન્ટિવ યોજના વિશે

ઘરેલું ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આયાત બિલમાં કાપ મુકવા માટે કેન્દ્ર સરકારે માર્ચ 2020માં PLI યોજના શરૂ કરી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક એકમોમાં ઉત્પાદિત ઉત્પાદનોમાંથી વેચાણ વધારવા પર કંપનીઓને પ્રોત્સાહિત કરવાનો છે.

- ભારતમાં એકમો સ્થાપવા માટે વિદેશી કંપનીઓને આમંત્રણ આપવા ઉપરાંત, આ યોજનાનો હેતુ સ્થાનિક કંપનીઓને હાલના ઉત્પાદન એકમો સ્થાપવા અથવા વિસ્તૃત કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.
- આ યોજનાને અગાઉ ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, આઈ.ટી હાર્ડવેર જેવા કે લેપટોપ, મોબાઈલ ફોન અને ટેલિકમ્યુનિકેશન સાધનો, રાસાયણિક કોષો, ફૂડ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રો માટે પણ મંજૂરી આપવામાં આવી છે.

### કાપડ ઉદ્યોગના સંદર્ભમાં PLI યોજનાની વિશેષતા

આ યોજના અંતર્ગત માનવ સર્જિત ફાઈબર (MMF) કાપડ, અને તકનીકી કાપડના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવશે.

- 5 વર્ષના સમયગાળામાં આ ક્ષેત્રના ઉત્પાદન પર 10,683 કરોડ રૂપિયાની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે.

- આ યોજનાથી રૂ. 19,000 કરોડથી વધુનું નવું રોકાણ થશે, જેનાથી આ ક્ષેત્રમાં કુલ 3 લાખ કરોડનો વ્યાપાર અને 7.5 લાખથી વધુ નોકરીઓ ઉભી થશે.
- કાપડ ઉદ્યોગ મુખ્યત્વે મહિલાઓને રોજગારી આપે છે, તેથી આ યોજના મહિલાઓને સશક્ત બનાવશે અને ઔપચારિક અર્થતંત્રમાં તેમની ભાગીદારી વધારશે.
- આ ઉપરાંત મહત્વાકાંક્ષી જિલ્લાઓ, ટાયર– 3, ટાયર– 4 શહેરો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં રોકાણને પ્રાધન્ય આપશે.
- આ યોજના ખાસ કરીને ગુજરાત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પંજાબ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઓડિશા વગેરે રાજ્યોને હકારાત્મક અસર કરશે.

નોંધ : (1) ભારતમાં શહેરોને વસતીની ઘનતા આધારે સરકાર દ્વારા શહેરોને ટાયર– 1, 2, 3........માં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

(2) કાપડ ઉદ્યોગ ભારતમાં લગભગ 45 મિલિયન લોકોને રોજગારી આપે છે, રોજગારીની દષ્ટિએ કૃષિ પછી તે બીજા ક્રમે છે.

(3) ભારતનું કાપડ ઉદ્યોગ ક્ષેત્ર ભારતીય ઉદ્યોગોમાંનું એક છે અને પરંપરાગત કુશળતા, વારસો અને સંસ્કૃતિનો ભંડાર વાહક હોય છે.

## AUSINDEX- 2021 અભ્યાસ

તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયાએ 'AUSINDEX- 2021' નામનો નૌસેના અભ્યાસનું આયોજન કર્યુ હતું. ભાગ લીધો હતો.

- વર્ષ 2021નો આ યુધ્ધ અભ્યાસ ઓસ્ટ્રેલિયામાં યોજાયો હતો.
- આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ પ્રાદેશિક અને વૈશ્વિક પડકારો માટે સહિયારી પ્રતિબદ્ધતાને મજબૂત કરવાનો તથા ભારત–પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાનો છે.
- AUSINDEX એ દ્વિવાર્ષિક દ્વિપક્ષીય અભ્યાસ છે, જે ભારતમાં વર્ષ 2015માં પ્રથમ વખત યોજાઈ હતી.
- વર્ષ 2021માં AUSINDEX અભ્યાસની ચોથી આવૃત્તિ હતી.
- વર્ષ 2015માં આ યુધ્ધ અભ્યાસની પ્રથમ આવૃત્તિ વિશાખાપટ્ટનમ ખાતે યોજાઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'હુમલાથી શિક્ષણના રક્ષણ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 8 સપ્ટેમ્બર (B) 9 સપ્ટેમ્બર (C) 10 સપ્ટેમ્બર (D) 11 સપ્ટેમ્બર **(B)**

2. તાજેતરમાં ભારતની 'સુરક્ષા બાબતોની સમિતિ' (CSS)એ કયા દેશના 'C- 295 mw' વિમાનની ખરીદીની મંજૂરી આપી છે ?

(A) ફ્રાન્સ (B) સ્પેન (C) જાપાન (D) ઈઝરાયલ **(B)**

3. C-295 mw વિમાન વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(1) C- 295 mw વિમાનએ આધુનિક ટેકનોલોજીથી સજ્જ પરિવહન વિમાન છે.

(2) આ વિમાનની પરિવહન ક્ષમતા 30 થી 35 ટન જેટલી છે.

(3) આ વિમાનમાં સૈનિકો અને કાર્ગોને છોડવા માટેના પાછળના દરવાજા (Rear Ramp Door) પણ આવેલા છે.

(4) તેને સ્વદેશી ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ (Electronic Warfar Suit)ની સાથે સ્થાપિત કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

4. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે કાપડ ઉદ્યોગ માટે 'પ્રોડક્શન–લિંક્ડ ઈન્સેન્ટિવ' (PLI) યોજનાને મંજૂરી આપી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(1) આ યોજના અંતર્ગત માનવ સર્જિત ફાઈબર (MMF) કાપડ, અને તકનીકી કાપડના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવશે.

(2) 5 વર્ષના સમયગાળામાં આ ક્ષેત્રના ઉત્પાદન પર 10,683 કરોડ રૂપિયાની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે.

(3) કાપડ ઉદ્યોગ ક્ષેત્ર માટે PLI યોજના કેન્દ્રીય બજેટ 2021-22 દરમિયાન 13 ક્ષેત્રો માટે જાહેર કરાયેલી PLI યોજનાનો એક ભાગ છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

5. ઘરેલું ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આયાત બિલમાં કાપ મૂકવા માટે કેન્દ્ર સરકારે ______ વર્ષમાં PLI યોજના શરૂ કરી હતી.

(A) 2020 (B) 2019 (C) 2018 (D) 2016 **(A)**

6. 'AUSINDEX- 2021' અભ્યાસ તાજેતરમાં કયા બે દેશ વચ્ચે યોજાયો હતો ?

(A) ભારત– ઈંગ્લેન્ડ (B) ભારત– ઓસ્ટ્રેલિયા

(C) ભારત– સિંગાપોર (D) ભારત–ફ્રાન્સ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 10 સપ્ટેમ્બર, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day)

સમગ્ર વિશ્વમાં આત્મહત્યાની પ્રવૃત્તિ રોકવા માટે તથા એ અંગે લોકોમાં જાગૃત્તિ ફેલાવવા માટે દર વર્ષે 10 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંગે વર્ષ 2003 થી વિવિધ પ્રવૃત્તિનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2021ના 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની થીમ "Creating Hope Through Action" છે.
- દર વર્ષે લગભગ દસ લાખ લોકો આત્મહત્યા દ્વારા મૃત્યુ પામે છે.

## NIRF India Rankings- 2021

કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને 9 સપ્ટેમ્બર, 2021ના રોજ 'National Institutional Ranking Framework' (NIRF) દ્વારા સ્થાપિત 'ઈન્ડિયા રેન્કિંગ– 2021' બહાર પાડ્યું છે.

- જેમાં કુલ 10 કેટેગરીમાં ભારતની શિક્ષણ સંસ્થાઓને રેન્ક આપવામાં આવ્યા છે.
- આ રેન્કિંગમાંથી ઓવરઓલ કેટેગરીમાં ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં IIT મદ્રાસ પ્રથમ ક્રમે છે.
- જ્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગાલુરુ બીજા અને IIT બોમ્બે ત્રીજા ક્રમે છે.
- આ રેન્કિંગમાં ઓવરઓલ કેટેગરીમાં ભારતની સૌથી શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓમાં ગુજરાતની ફક્ત 3 જ સંસ્થાઓનો સમાવેશ થાય છે.
- જેમાં IIT ગાંધીનગર 33મા, ગુજરાત યુનિવર્સિટી 32મા અને 'સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી– સુરત' 98મા ક્રમે છે.
- જ્યારે આ રેન્કિંગમાં મેનેજમેન્ટ કેટેગરીમાં ગુજરાતની IIM અમદાવાદ પ્રથમ ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### India Rankings 2021: Top 100 in Over All (ભારતની 100 સૌથી શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology Madras, Channai | Tamil Nadu |
| 2 | Indian Institute of Science, Bangaluru | Karnataka |
| 3 | Indian Institute of Technology Bombay, Mumbai | Maharashtra |
| 33 | Indian Institute of Technology Gandhinagar | Gujarat |
| 62 | Gujarat University, Ahmedabad | Gujarat |
| 98 | Sardar Vallabhbhai National Institute of Technology, Surat | Gujarat |

- ઓવરઓલ ઉપરાંત અન્ય 9 કેટેગરીમાં પ્રથમ ક્રમે રહેલી ભારતની શિક્ષણ સંસ્થાઓ અને જે તે કેટેગરીમાં સમાવેશ પામેલી ગુજરાતની શિક્ષણ સંસ્થાઓના નામ નીચે પ્રમાણે છે :

## India Rankings 2021: Top 100 Universities (ભારતની શ્રેષ્ઠ 100 યુનિવર્સિટી)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Science Bangaluru, | Karnataka |
| 2 | Jawaharlal Nehru University, New Delhi | Delhi |
| 3 | Banaras Hindu University, Varanasi | Uttarpradesh |
| 43 | Gujarat University, Ahmedabad | Gujarat |
| 73 | Pandit Deendayal Petroleum University, Gandhinagar | Gujarat |
| 90 | Maharaja Sayajirao University of Baroda, Vadodara | Gujarat |

## India Rankings 2021: Top 200 in Engineering (ભારતની શ્રેષ્ઠ 200 એન્જિનિયરિંગ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology Madras, Chennai | Tamil Nadu |
| 22 | Indian Institute of Technology, Gandhinagar | Gujarat |
| 47 | Sardar Vallabhbhai National Institute of Technology, Surat | Gujarat |
| 68 | Pandit Deendayal Petroleum University, Gandhinagar | Gujarat |
| 107 | Dhirubhai Ambani Institute of Information and Communication Technology, Gandhinagar | Gujarat |
| 117 | Maharaja Sayajirao University of Baroda, Vadodara | Gujarat |
| 153 | Nirma University, Ahmedabad | Gujarat |

## India Rankings 2021: Top 75 in Management
## (ભારતની શ્રેષ્ઠ 75 મેનેજમેન્ટ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Management, Ahmedabad | Gujarat |
| 55 | Institute of Rural Management, Anand | Gujarat |
| 66 | Pandeet Deendayal Petroleum University, Gandhinagar | Gujarat |

## India Rankings 2021: Top 75 in Pharmacy
## (ભારતની શ્રેષ્ઠ 75 ફાર્મસી સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Jamia Hamdard, New Delhi | Delhi |
| 10 | National Institute of Pharmaceutical Education and Research, Gandhinagar | Gujarat |
| 20 | Nirma University, Ahmedabad | Gujarat |
| 24 | Maharaja Sayajirao University of Baroda, Vadodara | Gujarat |
| 47 | L.M College of Pharmacy, Ahmedabad | Gujarat |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## India Rankings 2021: Top 100 Colleges
## (ભારતની શ્રેષ્ઠ 100 કોલેજ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Miranda House, Delhi | Delhi |
| 2 | Lady Shri Ram College of Women, New Delhi | Delhi |
| 3 | Loyola College, Chennai | Tamil Nadu |
| 22 | P.D. Patel Institute of Applied Sciences, Changa | Gujarat |
| 57 | St. Xavier's College, Ahmedabad | Gujarat |

## India Rankings 2021: Top 50 in Medical
## (ભારતની શ્રેષ્ઠ 50 મેડિકલ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | All India Institute of Medical Science, New Delhi | Delhi |

નોંધ : આ કેટેગરીમાં ગુજરાતની એકપણ સંસ્થાનો સમાવેશ થયો નથી.

## India Rankings 2021: Top 20 in Law
## (ભારતની શ્રેષ્ઠ 20 કાયદાના અભ્યાસ અંગેની સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | National Law School of India University, Bengaluru | Karnataka |
| 6 | Gujarat National Law University, Gandhinagar | Gujarat |

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## India Rankings 2021: Top 25 in Architecture
## (ભારતની શ્રેષ્ઠ 25 આર્કિટેક્ચર સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology, Roorke | Uttarakhand |
| 5 | Centere for Environmental Planning and Technology University, Ahmedabad | Gujarat |

## India Rankings 2021: Top 40 in Dental
## (ભારતની શ્રેષ્ઠ 30 ડેન્ટલ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Manipal College of Dental Sciences, Udupi | Karnataka |

નોંધ : આ કેટેગરીમાં ગુજરાતની એકપણ સંસ્થાનો સમાવેશ થયો નથી.

## કયા માપદંડને આધારે આ રેન્ક આપવામાં આવે છે ?

ભારતમાં વિવિધ શિક્ષણ સંસ્થાઓને 5 માપદંડોના આધારે આ રેન્ક આપવામાં આવે છે.

- આ પાંચ માપદંડોમાં નીચેના માપદંડોનો સમાવેશ થાય છે :

(1) શિક્ષણ, અધ્યયન અને સંસાધન

(2) સંશોધન અને વ્યાવસાયિક પ્રેક્ટિસ

(3) સ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા

(4) સુલભ અને સમાવિષ્ટ

(5) પર્સેપ્શન (ધારણા)

નોંધ : (1) ભારતમાં વર્ષ 2016થી આ રેન્કિંગનો પ્રારંભ થયો છે.

(2) વર્ષ 2021માં પ્રસિધ્ધ થયેલી આ તેની સતત છઠ્ઠી આવૃત્તિ છે.

(3) આ વખતે 'નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF)માં 6000 થી વધુ સંસ્થાઓએ ભાગ લીધો હતો.

## 13મી BRICS Summit- 2021

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 13મી BRICS Summitની અધ્યક્ષતા કરી હતી.

- નોંધનીય છે કે 13મી BRICS Summitનું વર્ચ્યુઅલ રીતે આયોજન કરવામાં આવ્યું હતું.
- અગાઉ નિર્ધારિત કર્યા મુજબ આ Summit નવી દિલ્હી ખાતે યોજાવાની હતી. પરંતુ કોરોના મહામારીના કારણે વર્ચ્યુઅલ રીતે ભારતે અધ્યક્ષતા કરી હતી.
- આ બેઠકમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ શ્રી સિરિલ રામાફોસા અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ રી જેયર બોલ્સોનારો વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહ્યા હતા.
- આ સમિટની થીમ "BRICS@15 : Intra-BRICS Cooperation for Continuity, Consolidation and Consensus" હતી.
- ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સે ઘણી નવી પહેલ શરૂ કરી છે. જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) પ્રથમ બ્રિક્સ ડિજિટલ હેલ્થ સમિટ

(2) બહુપક્ષીય સુધારાઓ પર પ્રથમ બ્રિક્સ મંત્રીસ્તરીય સંયુક્ત નિવેદન

(3) બ્રિક્સ આતંકવાદ વિરોધી કાર્ય યોજના

(4) રિમોટ સેન્સિંગ ઉપગ્રહના ક્ષેત્રમાં સહકાર પર કરાર

(5) વર્ચ્યુઅલ બ્રિક્સ વેક્સિન સંશોધન અને વિકાસ કેન્દ્ર

(6) હરિત પર્યટન વગેરે પર બ્રિક્સ જોડાણ

- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ Covid-19 મહામારીની અસર અને અન્ય વર્તમાન વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

- આવુ પ્રથમ વખત છે કે જ્યારે બ્રિક્સ દેશોએ '<u>બહુપક્ષીય પ્રણાલીઓને મજબૂત અને સુધારવા</u>' માટે સામૂહિક અભિગમ અપનાવ્યો છે.
- આ સમિટનું સમાપન '<u>નવી દિલ્હી ઘોષણાપત્ર</u>' અપનાવવાની સાથે થયું હતું.

## BRICS

**<u>BRICS</u>** એ વિશ્વના <u>પાંચ</u> મોટા <u>વિકાસશીલ દેશો</u>નો એક સમૂહ છે.

- **BRICS** દેશોમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે :

  **B- Brazil**

  **R- Russia**

  **I- India**

  **C- China**

  **S- South Africa**
- જેમાંથી ચાર **<u>BRIC</u>** દેશો <u>બ્રાઝિલ</u>, <u>રશિયા</u>, <u>ભારત</u> અને <u>ચીન</u> દ્વારા વર્ષ **<u>2006</u>**માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ **2010**માં સાઉથ આફ્રિકા પાછળથી સામેલ થયું હતું. આથી તે હવે **BRICS** તરીકે ઓળખાય છે.
- બ્રિક્સ દેશોમાં વિશ્વની આશરે **41** ટકા વસતીનો સમાવેશ થાય છે.
- અને વિશ્વના કુલ **<u>GDP</u>**માં બ્રિક્સ દેશોનો ફાળો આશરે **23.2** ટકા જેટલો છે.
- બ્રિક્સ દેશોએ જુલાઈ **<u>2014</u>**માં **<u>NDB</u>** એટલે કે **<u>New Development Bank</u>** નામથી એક બેંકની રચના કરવામાં આવી હતી.
- આ બેંકનું વડું મથક <u>ચીનના શાંઘાઈ</u>માં આવેલું છે.

  નોંધ : વર્ષ **2022** દરમિયાન <u>**14**મી બ્રિક્સ સમિટ</u>ની અધ્યક્ષતા <u>ચીન</u> કરશે.



1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 7 સપ્ટેમ્બર (B) 8 સપ્ટેમ્બર (C) 9 સપ્ટેમ્બર (D) 10 સપ્ટેમ્બર **(D)**

2. તાજેતરમાં જાહેર કરવામાં આવેલ 'India Rankings 2021' અથવા તો NIRF India Rankings 2021 અનુસાર ઓવરઓલ કેટેગરીમાં ભારતની શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?

(A) IIT દિલ્હી (B) IIT મદ્રાસ (C) IIT ગાંધીનગર (D) IIT બોમ્બે **(B)**

3. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2021માં ઓવરઓલ કેટેગરીની ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં IIT ગાંધીનગર કયા ક્રમે છે ?

(A) 10માં (B) 25માં (C) 33માં (D) 61માં **(C)**

4. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2021માં ભારતની શ્રેષ્ઠ યુનિવર્સિટીમાં કઈ યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે ?

(A) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગાલુરુ (B) શ્રી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, નવી દિલ્હી

(C) બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી (D) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ **(A)**

5. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Ranking 2021માં ભારતની શ્રેષ્ઠ 200 એન્જિનિયરિંગ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?

(A) IIT મદ્રાસ (B) IIT દિલ્હી (C) IIT બોમ્બે (D) IIT કાનપુર **(A)**

6. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Ranking 2021માં ભારતની શ્રેષ્ઠ 75 મેનેજમેન્ટ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?

(A) IIM બેંગાલુરુ (B) IIM અમદાવાદ (C) IIM લખનૌ (D) IIM કોલકાતા **(B)**

7. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2021માં ભારતની શ્રેષ્ઠ 100 કોલેજોમાં પ્રથમ ક્રમે કઈ કોલેજ છે ?

(A) મિરાન્ડા હાઉસ, દિલ્હી (B) હિન્દુ કોલેજ, દિલ્હી

(C) પ્રેસિડેન્સી કોલેજ, ચેન્નાઈ (D) હંસરાજ કોલેજ દિલ્હી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. વર્ષ 2021માં ભારતની અધ્યક્ષતામાં કેટલામી બ્રિક્સ સમિટનું આયોજન થયું હતું ?

(A) 9મી (B) 10મી (C) 13મી (D) 15મી **(C)**

9. વર્ષ 2021માં BRICS Summitની અધ્યક્ષતા કોણે કરી હતી ?

(A) શ્રી વ્લાદિમીર પુતિન (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી

(C) શ્રી સિરિલ રામાફોસા (D) શ્રી શી જિનપિંગ **(B)**

10. 13મી બ્રિક્સ સમિટ 2021ની થીમ શું હતી ?

(A) BRICS @ 15 : Economic Groth for an Innovative Future

(B) BRICS @ 15 : Social Groth for an Innovative Future

(C) BRICS @ 15 : Intra- BRICS Cooperation for Continuity, Consolidation and Consensus

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

11. બ્રિક્સ દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) રશિયા (B) સાઉથ કોરિયા (C) ચીન (D) સાઉથ આફ્રિકા **(B)**

12. બ્રિક્સ દેશોમાં વર્ષ 2010 માં પાછળથી સામેલ થયેલ દેશ કયો છે ?

(A) બ્રાઝિલ (B) રશિયા (C) સાઉથ આફ્રિકા (D) ચીન **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## રાજસ્થાનમાંથી ડાયનાસોરની ત્રણ પ્રજાતિઓના પગના નિશાન મળી આવ્યા

તાજેતરમાં થયેલી શોધમાં રાજસ્થાનના જેસલમેર જિલ્લાના થારના રણમાં ડાયનોસરની ત્રણ પ્રજાતિઓના પગના નિશાન મળ્યા છે.

- આ નિશાન રાજસ્થાન રાજ્યના પશ્ચિમ ભાગમાં વિશાળ સરિસૃપની હાજરીની સાક્ષી આપે છે.
- પગના નિશાનવાળા ડાયનાસોરની ત્રણ પ્રજાતિઓ નીચે મુજબ છે :

(1) Eubrontes cf Giganteus

(2) Eubrontes Glenrosensis

(3) Grallator Tenuis

- આ પગના નિશાન 200 મિલિયન વર્ષ જૂના છે.
- ડાયનાસોરની પ્રજાતિઓ થેરોપોડ (Theropod) પ્રકારની માનવામાં આવે છે. જેમાં ખોખલા હાડકાં અને ત્રણ પગના અંગો (આંગળીઓની જેમ)ની વિશિષ્ટ લાક્ષણિક્તા હોય છે.
- ડાયનાસોર યુગ (મેસોઝોઈક યુગ– 252- 66 મિલિયન વર્ષો પહેલા–MYA)ને નીચેના ત્રણ ભૂસ્તરશસ્ત્રીય સમય કોષ્ટક હેઠળ સમાવવામાં આવ્યો છે :

(1) ટ્રાયસિક (Triassic)

(2) જુરાસિક (Jurassic)

(3) ક્રેટેશિયસ (Cretaceous)

- આ ત્રણ સમયગાળા દરમિયાનના વિવિધ ડાયનાસોરની પ્રજાતિ મળી આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### થારનું રણ

થાર નામ 'થુલ' પરથી ઉતરી આવ્યું છે જે આ પ્રદેશમાં રેતીના ઢગલા માટે વપરાતો સામાન્ય શબ્દ છે.

- થારના રણને 'ગ્રેટ ઈન્ડિયન ડેઝર્ટ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.
- થારનું રણ રાજસ્થાન રાજ્યમાં સ્થિત છે અને પાકિસ્તાનના પૂર્વ વિસ્તારમાં પંજાબ અને સિંધ પ્રાંત સુધી વિસ્તરેલું છે.
- તે પશ્ચિમમાં સિંચિત સિંધુ નદીના મેદાનો, ઉત્તર અને ઉત્તર પૂર્વમાં પંજાબના મેદાનો, દક્ષિણ–પૂર્વમાં અરવલ્લીની શ્રેણી અને દક્ષિણમાં કચ્છના રણથી ઘેરાયેલું છે.
- થારનું રણ એક શુષ્ક ક્ષેત્ર છે જે વર્ગ 2,00,000 કિ.મીમાં ફેલાયેલું છે.
- અહીં 'બરચન' જેને 'બારખાન' તરીકે પણ ઓળખવામાં આવે છે તે અર્ધચંદ્રાકાર આકારની રેતીના ટેકરા છે જે મુખ્યત્વે એક દિશામાંથી આવતા પવન દ્વારા રચાય છે.
- કેટલાક 'પ્લેયા' (ખારા પાણીના તળાવો) જે સ્થાનિક ભાષામાં 'ધંડ' તરીકે ઓળખાય છે. આ 'પ્લેયા' સમગ્ર રણ વિસ્તારમાં જોવા મળે છે.

## ATL Space Challenge 2021

તાજેતરમાં નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશનએ 'ISRO' અને 'સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન'ના સહયોગથી 'ATL Space Challenge 2021' શરૂ કર્યુ છે.

- તેનો મુખ્ય ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે ધોરણ 6 થી 12ના વિદ્યાર્થીઓને સ્વતંત્ર પ્લેટફોર્મ આપવામાં આવે જ્યાં તેઓ ડિજિટલ યુગને લગતી સ્પેસ ટેકનોલોજીની સમસ્યાઓ ઉકેલવા માટે પોતાને નવીન બનાવવામાં સક્ષમ બનાવી શકે.
- આ માટે ATL (અટલ ટિંકરિંગ લેબ્સ) અને નોન– ATL સ્કૂલના વિદ્યાર્થીઓ તેમની એન્ટ્રી સબમિટ કરી શકે છે.
- આ અંતર્ગત શાળાના શિક્ષકો, ATL પ્રભારી અને માર્ગદર્શક વિદ્યાર્થી ટીમોને સમર્થન કરશે.
- તે વર્લ્ડ સ્પેસ વીક 2021 સાથે જોડાયેલું છે. જે આવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં યોગદાનના મહત્વને પ્રકાશિત કરવા માટે દર વર્ષ 4 થી 10 ઓક્ટોબર સુધી ઉજવવામાં આવે છે.

નોંધ : (1) 'અટલ ઈનોવેશન મિશન' દેશમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની મુખ્ય પહેલ છે.

(2) તેનો મુખ્ય ઉદ્દેશ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે નવા કાર્યક્રમો અને નીતિઓ વિકસાવવાનો છે.



1. તાજેતરમાં કયા રાજ્યમાંથી ડાયનાસોરની ત્રણ પ્રજાતિઓના પગના નિશાન મળી આવ્યા છે ?

(A) ત્રિપુરા (B) મેઘાલય (C) આસામ (D) રાજસ્થાન **(D)**

2. તાજેતરમાં રાજસ્થાનમાં ડાયનાસોરની કઈ પ્રજાતિના પગના નિશાન મળી આવ્યા છે ?

(A) Eubrontes cf Giganteus (B) Eubrontes Glenrosenis

(C) Grallator Tenuis (D) ઉપરોક્ત તમામ **(D)**

3. ભારતના કયા રાજ્યમાં થારનું રણ આવેલું છે ?

(A) મધ્યપ્રદેશ (B) ઉત્તરાખંડ (C) રાજસ્થાન (D) તમિલનાડુ **(C)**

4. થારના રણ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) થાર નામ 'થુલ' પરથી ઉતરી આવ્યું છે. જે આ પ્રદેશમાં રેતીના ઢગલા માટે વપરાતો શબ્દ છે.

(B) થારના રણને 'ગ્રેટ ઈન્ડિયન ડેઝર્ટ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.

(C) થારનું રણ રાજસ્થાન રાજ્યમાં સ્થિત છે અને પાકિસ્તાનના પૂર્વ વિસ્તારમાં પંજાબ અને સિંધ પ્રાંત સુધી વિસ્તરેલું છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

5. તાજેતરમાં નીતિ આયોગના __________ મિશનએ 'ISRO' અને 'CBSE'ના સહયોગથી 'ATL Space Challeng' શરૂ કર્યુ છે.

(A) અટલ ઈનોવેશન મિશન (B) વિદ્યાંજલિ મિશન

(C) અટલ ન્યૂ ઈન્ડિયા એજ્યુકેશન મિશન (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **અમી લાઈફ સાયન્સીસના હાઈટેક ઔષધ સંશોધન અને વિકાસ કેન્દ્ર**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના કરખડી ખાતે 'અમી લાઈફ સાયન્સીસ'ના હાઈટેક ઔષધ સંશોધન અને વિકાસ કેન્દ્રનો શુભારંભ કરાવ્યો છે. વડોદરા ઔષધ ઉદ્યોગનું હબ છે ત્યારે આ અતિ અદ્યતન સુવિધાથી ઔષધ ઉદ્યોગના વિકાસને વધુ વેગ મળશે. નોંધનીય છે કે લાઈફ સાયન્સીસના સ્થાપક શ્રી ગિરિશભાઈ ચોવટિયા છે. મુખ્યમંત્રી શ્રી એ જણાવ્યું હતું કે દેશના ફાર્મા ઉદ્યોગનું માર્કેટ અંદાજે 39 મિલિયન યુ.એસ. ડોલરથી વધુ છે. અને તેમાંથી 50 ટકા ઉત્પાદનની વિશ્વમાં નિકાસ થાય છે. દેશના ફાર્મા સેક્ટરનો 33 ટકા હિસ્સો ગુજરાત આપે છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ગુજરાત દેશનું મેન્યુફેક્ચરીંગ, ઓટોમોબાઈલ અને ફાર્માસ્યુટિકલ, ડાયમંડ અને ટેક્સસ્ટાઈલ હબ કેપિટલ બન્યું છે.

## ભારત

➤ **આયુષ મંત્રાલયે 'આયુષ આપકે દ્વાર' અભિયાન શરૂ કર્યું.**

આયુષ મંત્રાલયે 3 સપ્ટેમ્બર, 2021ના રોજ ભારતભરમાં લગભગ 45 સ્થળોએ 'આયુષ આપકે દ્વાર' નામનું અભિયાન શરૂ કર્યુ છે. આયુષ રાજ્યમંત્રી દ્વારા આયુષ ભવનથી કર્મચારીઓને ઔષધીય છોડનું વિતરણ કરીને આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. લોન્ચિંગ પ્રવૃતિઓમાં 21 રાજ્યો ભાગ લઈ રહ્યા છે જેમાં સમગ્ર ભારતમાં 2 લાખથી વધુ રોપાઓનું વિતરણ કરવામાં આવશે. ભારતમાં એક વર્ષમાં 75 લાખ ઘરોમાં ઔષધીય છોડનું વિતરણ કરવાના ઉદ્દેશથી 'આયુષ આપકે દ્વાર' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ ઔષધીય છોડમાં અશોક, સ્ટીવીયા, અશ્વગંધા, ગુડુચી, તુલસી વગેરે છોડનો સમાવેશ થાય છે. આયુષ મંત્રાલયની સ્થાપના ભારતભરમાં સ્વદેશી વૈકલ્પિક દવા પ્રણાલીઓના શિક્ષણ, સંશોધન અને પ્રસાર માટે 9 નવેમ્બર, 2014ના રોજ કરવામાં આવી હતી. આ મંત્રાલયમાં આરોગ્ય સંભાળની સાત પરંપરાગત પદ્ધતિનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **Morning Consult Global Ratings**

અમેરિકા સ્થિત ગ્લોબલ એપ્રુવલ ટ્રેકર મોર્નિંગ કન્સલ્ટ મુજબ સર્વેમાં સામેલ 13 વિશ્વના નેતાઓમાં સૌથી વધુ એપ્રુવલ રેટિંગ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ધરાવે છે. આ સર્વેક્ષણ ડેટા સાપ્તાહિક આધાર પર અપડેટ કરવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 70% રેટિંગ મળ્યું છે. મોર્નિંગ કન્સલ્ટનું પોલિટિકલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ ચૂંટણીઓ, ચૂંટાયેલા અધિકારીઓ અને મતદાનના મુદ્દાઓ પર રીઅલ–ટાઈમ મતદાન ડેટા પૂરો પાડે છે. મોર્નિંગ કન્સલ્ટ વૈશ્વિક સ્તરે નેતૃત્વની સ્વીકૃતિને લગતા અંદાજે 11,000 દૈનિક ઈન્ટરવ્યુ લે છે.

➤ **એમેઝોન ઈન્ડિયાનો 'કિસાન સ્ટોર'**

એમેઝોન ઈન્ડિયાએ 'કિસાન સ્ટોર' નામનું એક ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે. જે દેશભરના ખેડૂતોને 8,000 થી વધુ કૃષિ ઈનપુટ્સ જેમ કે બીજ, ખેતીના સાધનો અને એસેસરીઝ, છોડની સુરક્ષા, પોષક તત્વો વગેરેનો ઉપયોગ કરી શકશે. નાના અને મધ્યમ ઉદ્યોગો (SMBs) દ્વારા સૂચિબધ્ધ આ ઉત્પાદનો એમેઝોન ઈન્ડિયા પર સ્પર્ધાત્મક કિંમતો પર ઉપલબ્ધ થશે અને સાથે સાથે ખેડૂતોને ઘરે–ઘરે સામગ્રી પહોંચાડવાની વધારાની સુવીધા હશે. આ ઓનલાઈન સ્ટોર હિન્દી અને અંગ્રેજી સિવાય તેલુગુ, કન્નડ, તામિલ અને મલાયમ જેવી સ્થાનિક ભાષાઓમાં હાજર રહેશે. એમોઝોને ખેડૂતો માટે સ્ટોર માલિકોની મદદથી ખરીદી કરવા માટે 5000 થી વધુ 'એમેઝોન ઈઝી સ્ટોર્સ'નું નેટવર્ક પણ ખૂલ્યું છે. આ સ્ટોર ખેડૂતો માટે મૈત્રીપૂર્ણ ઈકોસ્ટિમ બનાવવા તરફનું પ્રથમ પગલું છે, જે તેમને એક જ ક્લિકમાં ઓર્ડર આપવા અને ઘરે બેઠા તેમની પસંદગીના ઉત્પાદનો મેળવવા માટે સક્ષમ બનાવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **માંડા ભેંસને NBAGR દ્વારા ભારતમાં મળેલી ભેંસની 19મી અનન્ય જાતી તરીકે માન્યતા આપી.**

માંડા ભેંસને નેશનલ બ્યૂરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ (NBAGR) દ્વારા ભારતમાં મળેલી ભેંસની 19મી અનન્ય જાતિ તરીકે માન્યતા આપવામાં આવી છે. માંડા ભેંસ પૂર્વિય ઘાટના ઉચ્ચપ્રદેશ અને ઓડિશાના કોરાપુટ પ્રદેશમાં જોવા મળે છે. આ જાતિની ભેંસના શરીરનો રંગ સામાન્ય રીતે ભૂખરો હોય છે. ઓડિશાના કોરાપુટ, મલકાનગિરી અને નબરંગપુર જિલ્લાના લોકો ખેડાણ અને અન્ય કૃષિ પ્રવૃત્તિઓ માટે આ ભેંસનો ઉપયોગ કરે છે.

## ➤ 'પ્રાણ' પોર્ટલ (PRANA Portal)

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે 7 સપ્ટેમ્બર, 2021ના રોજ 'પ્રાણ' નામનું એક પોર્ટલ લોન્ચ કર્યુ છે. પ્રાણ પોર્ટલનો ઉપયોગ તમામ લોકો માટે સ્વચ્છ હવા અને વાદળી આકાશ સુનિશ્ચિત કરવાની ભારતની પ્રતિબદ્ધતાને અનુસરવા માટે 'નેશનલ ક્લીન એર પ્રોગ્રામ' (NCAP)ની પ્રગતિને ટ્રેક કરવા માટે કરવામાં આવશે. બીન–પ્રાપ્તી શહેરોમાં 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ' નિમિત્તે આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. બિન–પ્રાપ્તિ શહેરો (Non-Attainment Cities-NC) તે શહેરો છે જે 5 વર્ષના સમયગાળામાં રાષ્ટ્રીય હવા ગુણવતાના ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા છે. ભારતના આ પ્રયાસો સાથે વર્ષ 2019માં 86 શહેરોએ હવાની ગુણવત્તા સારી બતાવી હતી અને 2020માં તે વધીને 104 શહેરોમાં પહોંચી હતી. પર્યાવરણ મંત્રાલય અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) 2024 સુધીમાં ભારતમાં પાર્ટિક્યુલેટ મેટર (PM 10 તેમજ PM 2.5) સાંદ્રતામાં 20 થી 30%નો ઘટાડો હાંસલ કરવા માંગે છે.

## ➤ INS હંસને રાષ્ટ્રપતિ કલર એવોર્ડ

ભારતીય સશસ્ત્રો દળોના સર્વોચ્ચ કમાન્ડર અને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં INS 'હંસ' (ગોવા સ્થિત ભારતીય નૌસેના ઉડ્ડયન)ને રાષ્ટ્રપતિ કલર એવોર્ડ અથવા ધ્વજ અર્પણ કાર્યો છે. શાંતિ અને યુધ્ધ બંને પરિસ્થિતિઓમાં રાષ્ટ્રને અપાયેલી અસાધારણ સેવાની માન્યતામાં રાષ્ટ્રપતિશ્રી દ્વારા લશ્કરી એકમને એવોર્ડ આપવામાં આવે છે. ભારતીય નૌકાદળ 27 મે, 1951ના રોજ ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ શ્રી ડો. રાજેન્દ્ર પાસેથી ધ્વજ મેળવનાર પ્રથમ ભારતીય સશસ્ત્ર દળ હતું. ત્યારબાદ નૌકાદળમાં રાષ્ટ્રપતિનો ધ્વજ પ્રાપ્ત કરનારાઓમાં સધર્ન નેવલ કમાન્ડ, ઈસ્ટર્ન નેવલ કમાન્ડ, ઈસ્ટર્ન ફ્લીટ, વેસ્ટર્ન ફ્લીટ, સબમરીન બ્રાન્ચ, INS શિવાજી અને ઈન્ડિયન નેવલ એકેડેમિનો સમાવેશ થાય છે.

## ➤ હિમાલય દિવસ

9 સપ્ટેમ્બર, 2021ના રોજ રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશનએ 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે નૌલા ફાઉન્ડેશનના સહયોગથી હિમાલય દિવસનું આયોજન કર્યુ હતું. આ વર્ષની થીમ 'હિમાલયનું યોગદાન અને અમારી જવાબદારીઓ' હતી. હિમાલય દિવસ દર વર્ષે ઉત્તરાખંડ રાજ્યમાં ઉજવવામાં આવે છે. આ દિવસ હિમાલયન ઈકોસિસ્ટમ અને પ્રદેશને બચાવવાના હેતુથી ઉજવવામાં આવે છે. વર્ષ 2015માં ઉત્તરાખંડના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી દ્વારા 9 સપ્ટેમ્બરને સત્તાવાર રીતે હિમાલય દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **રાજસ્થાનમાં નેશનલ હાઈવે પર ભારતની પ્રથમ ઈમર્જન્સી લેન્ડિંગ સુવિધા**

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ 9 સપ્ટેમ્બર, 2021ના રોજ રાજસ્થાનમાં નેશનલ હાઈવે પર ઈમર્જન્સી લેન્ડિંગ સુવિધાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ ઈમરજન્સી લેન્ડિંગ સુવિધા રાજસ્થાનના બાડમેરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH) 924 Aના સટ્ટા ગાંધવ ભાગ પર બનાવવામાં આવી છે. આ પ્રસંગે ભારતીય વાયુસેનાનું C-130J સુપર હર્ક્યુલસ પરિવહન વિમાન રાજસ્થાનના જાલોરમાં નેશનલ હાઈવે પર ઈમર્જન્સીમાં ઉતારવામાં આવ્યું હતું. ભારતીય વાયુસેનાના વિમાનોની ઈમર્જન્સી લેન્ડિંગ માટે આ પ્રથમ વખત રાષ્ટ્રીય ધોરીમાર્ગનો ઉપયોગ થશે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ IAFની દેખરેખ હેઠળ NH- 925A પર સટ્ટા ગાંધવ વિભાગનો ત્રણ કિલોમિટર વિભાગ વિકસાવ્યો છે.

## વિશ્વ

- **બિગ જોન નામના સૌથી મોટા ટ્રાઈસેરાટોપ્સની હરાજી થશે.**

ઓક્ટોબર 2021માં બિગ જોન નામના વિશાળ ટ્રાઈસેરાટોપ્સની હરાજી કરવામાં આવશે અને ફ્રાન્સમાં હરાજીમાં મોટી રકમ મેળવવાની અપેક્ષા છે. બિગ જોન (Big John)નું હાડપિંજર 66 મિલિયન વર્ષ જૂનું છે. તે અત્યાર સુધીનો સૌથી મોટો ટ્રાઈસેરાટોપ્સ છે જેની લંબાઈ આશરે 26 ફૂટ છે. જ્યારે તેની ખોપરી 6.6 ફૂટ પહોળી છે. લગભગ 67 મિલિયનથી 65 મિલિયન વર્ષો પહેલા ક્રીટેસિયસ સમયગાળા દરમિયાન ત્રિકોણીય ટ્રાઈસેરાટોપ્સ ઉત્તર અમેરિકામાં વસવાટ કરતા હતા. આ ટ્રાઈસેરાટોપ્સના અશ્મીની શોધ વર્ષ 2014 માં થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **World EV Day**

ઈ–મોબિલિટીની ઉજવણી નિમિત્તે દર વર્ષે 9 સપ્ટેમ્બરે વિશ્વ EV દિવસ મનાવવામાં આવે છે. આ પ્રસંગે લોકોને ઈલેક્ટ્રિક વાહનોના ફાયદાઓ વિશે શિક્ષિત કરવા માટે સમગ્ર વિશ્વમાં વિશેષ જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. તે એક સોશિયલ મીડિયા અભિયાન છે જે ડ્રાઈવરોને ઈલેક્ટ્રિક વાહનોના ફાયદાઓ ઓળખવા માટે પ્રોત્સાહિત કરે છે. વિશ્વ EV દિવસ પહેલ સ્થિરતા મીડિયા કંપની Green. TV દ્વારા બનાવવામાં આવી હતી. વિશ્વ EV દિવસની પ્રથમ આવૃત્તિ 2020માં ઉજવવામાં આવી હતી.

# ICE ? Questions

- તાજેતરમાં કયા સ્થળે 'અમી લાઈફ સાયન્સીસ'ના હાઈટેક ઔષધ સંશોધન અને વિકાસ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – કરખડી (તા. પાદરા, જિ. વડોદરા)
- તાજેતરમાં કયા મંત્રાલયે 'આયુષ આપકે દ્વાર' અભિયાન શરૂ કર્યુ છે ? – આયુષ મંત્રાલય
- **Morning Consult Global Ratings**માં સૌથી વધુ એપ્રુવલ રેટિંગ કયા નેતા ધરાવે છે ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- તાજેતરમાં કયા નામના સૌથી મોટા ટ્રાઈસેરોટોપ્સની હરાજી કરવામાં આવશે ? – બિગ જોન (**Big John**)
- તાજેતરમાં કોણે 'કિસાન સ્ટોર' નામનું એક ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે ? – એમેઝોન ઈન્ડિયા
- તાજેતરમાં કઈ ભેંસને **NBAGR** દ્વારા મળેલી ભેંસની **19**મી અનન્ય જાતી તરીકે માન્યતા આપી છે ? – માંડા ભેંસ
- માંડા ભેંસ પૂર્વિય ઘાટના ઉચ્ચપ્રદેશ ઉપરાંત ભારતના કયા રાજ્યમાં જોવા મળે છે ? – ઓડિશા
- તાજેતરમાં કોણે 'પ્રાણ' નામનું એક પોર્ટલ શરૂ કર્યુ છે ? – શ્રી ભુપેન્દ્ર યાદવ
- તાજેતરમાં ______ને રાષ્ટ્રપતિ કલર એવોર્ડ અથવા ધ્વજ અર્પણ કરવામાં આવ્યો છે ? – **INS** હંસ
- કયા દિવસે 'હિમાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ? – **9** સપ્ટેમ્બર
- તાજેતરમાં કયા રાજ્યના નેશનલ હાઈવે પર ભારતની પ્રથમ ઈમર્જન્સી લેન્ડિંગ સુવિધા શરૂ કરવમાં આવી છે ? – રાજસ્થાન
- કયા દિવસે **'World EV Day'**ની ઉજવણી કરવામાં આવે છે ? – **9** સપ્ટેમ્બર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'બ્રાઈટ સ્ટાર' અભ્યાસ (Exercise Bright Star) કયા દેશમાં હાથ ધરવામાં આવતી બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયત છે ? – ઈજિપ્ત

2. એશિયાના ગ્રીન ડેવલપમેન્ટ માટે ભારતે કયા દેશ સાથે 1.2 અબજ ડોલરના પેકેજની જાહેરાત કરી છે ? – યુ.કે

3. પત્રકારો માટે 'પત્રકાર કલ્યાણ ભંડોળ યોજના' કયા રાજ્યમાં લાગુ કરવામાં આવી છે ? – છત્તીસગઢ

4. તાજેતરમાં 'આરોગ્ય વિજ્ઞાન યુનિવર્સિટી બિલ' કયા રાજ્યની વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યું છે ? – ઓડિશા

(ઓડિશા વિધાનસભાએ તાજેતરમાં 'આરોગ્ય વિજ્ઞાન યુનિવર્સિટી બિલ, 2021' પસાર કર્યુ છે. આ બિલ રાજ્યની તમામ મેડિકલ અને પેરામેડિકલ સંસ્થાઓને એક જ યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ હેઠળ લાવવા માગે છે.)

5. વર્લ્ડ સ્ટેમ્પ પ્રદર્શન 'ફિલાનિપોન 2021' કયા સ્થળે યોજાયું હતું ? – જાપાન

('ફિલાનિપોન 2021' વર્લ્ડ સ્ટેમ્પ પ્રદર્શન છે. જે તાજેતરમાં જાપાનના ટોક્યોમાં યોજાયું હતું. જાપાનમાં પોસ્ટ સ્થાપના દિવસને ધ્યાનમાં રાખીને વર્ષ 1971થી જાપાનમાં દર વર્ષે આ કાર્યક્રમ યોજાય છે. આ વર્ષે જાપાનની ટપાલ સેવાની 150મી વર્ષગાંઠ છે.)

6. તાજેતરમાં સમાચારમાં રહેલ 'કસાઈ નદી' કયા દેશમાં સ્થિત છે ?

– કોંગો લોકશાહી પ્રજાસત્તાક (Democratic Republic of the Congo)

7. કયા દેશની સાથે એક 'Climate Finance Leadership Initiative (CFLI) India' નવી ભાગીદારી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ? – યુનાઈટેડ કિંગ્ડમ

(11માં ભારત–યુકે આર્થિક અને નાણાકીય સંવાદમાં ભારતીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન અને યુકેના ચાન્સેલર ઋષિ સુનકે વર્ચ્યુઅલ મુલાકાત કરી હતી. તેઓએ ગ્રીન પ્રોજેક્ટ્સ અને નવીનીકરણીય ઉર્જામાં જાહેર અને ખાનગી રોકાણના 1.2 અબજ ડોલરના પેકેજ પર હસ્તાક્ષર કર્યા હતા.)

8. ભારતના પ્રથમ ઉપગ્રહ અને બેલિસ્ટિક મિસાઈલ ટ્રેકિંગ જહાજનું નામ શું છે ? – ધ્રુવ

(ભારતનું પ્રથમ ઉપગ્રહ અને બેલિસ્ટિક મિસાઈલ ટ્રેકિંગ જહાજ 'ધ્રુવ' વિશાખાપટ્ટનમથી શરૂ થશે. આ શિપ અથવા જહાજ હિન્દુસ્તાન શિપયાર્ડ દ્વારા DRDO અને NTROના સહયોગથી બનાવવામાં આવ્યું છે.)

9. તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે પ્રવાસનને પ્રોત્સાહન આપવા અને રોજગાર ઉત્પન કરવા માટે 'ટુરિસ્ટ વિલેજ નેટવર્ક' શરૂ કર્યુ છે ? –જમ્મુ અને કાશ્મીર

10. તાજેતરમાં સમાચારમાં રહેલ 'પંજશીર ઘાટી' (Panjishir Valley) કયા દેશમાં સ્થિત છે ? – અફઘાનિસ્તાન

(પંજશીર અફઘાનિસ્તાન 34 પ્રાંતોમાનો એક છે. તે અફઘાનિસ્તાનના ઉત્તર–પૂર્વ ભાગમાં સ્થિત છે. જેમાં પંજશીર ઘાટીનો સમાવેશ થાય છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. કઈ રાજ્ય સરકારે 17 સપ્ટેમ્બરને 'સામાજિક ન્યાય દિવસ' તરીકે મનાવવાનું નક્કી કર્યુ છે ? – તમિલનાડુ
(તમિલનાડુ સરકારે દર વર્ષે 17 સપ્ટેમ્બરે સુધારાવાદી નેતા શ્રી ઈવી રામાસામી પેરિયરની જન્મજયંતિને 'સામાજિક ન્યાય દિવસ' તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે.)

12. તાજેતરમાં ______ દેશના વડાપ્રધાન શ્રી યોશીહિદે સુગાએ પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. – જાપાન

13. તાજેતરમાં 7મા 'યામીન હજારિકા વુમન ઓફ સબસ્ટન્સ એવોર્ડ'થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી નમિતા ગોખલે

14. તાજેતરમાં 'બેહલર કાચબા(કછુઆ) કન્ઝર્વેશન એવોર્ડ' કોને આપવામાં આવ્યો છે ? – શ્રી શૈલેન્દ્રસિંહ

15. તાજેતરમાં કઈ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકારે 'બિઝનેસ બ્લાસ્ટર્સ' કાર્યક્રમ શરૂ કર્યો છે ? – દિલ્હી

16. તાજેતરમાં કયો દેશ બિટકોઈનને સત્તાવર ચલણ તરીકે અપનાવનાર પ્રથમ દેશ બન્યો છે ? – અલ સાલ્વાડોર

17. કયા રાજ્યએ SBIના પૂર્વ અધ્યક્ષ શ્રી રજનીશ કુમારને તેમના આર્થિક સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે ? – આંધ્રપ્રદેશ

18. તાજેતરમાં કયા મંત્રાલયે 'બુઝુર્ગોકી બાત–દેશ કે સાથ' કાર્યક્રમ શરૂ કર્યો છે ? – સંસ્કૃતિ મંત્રાલય

19. G 20 માટે ભારતના શેરપા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી પિયુષ ગોયલ

20. તમિલનાડુએ મન્નારના અખાતમાં ઉર્જા ટાપુ બનાવવા માટે કયા દેશ સાથે ભાગીદારી કરી છે ? – ડેનમાર્ક

21. ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંકે કયા રાજ્યમાં ગ્રામીણ જોડાણને વિસ્તૃત કરવા માટે 300 મિલિયન ડોલરની લોન પર હસ્તાક્ષર કર્યા છે ? – મહારાષ્ટ્ર
(એશિયન ડેવલપમેન્ટ બેંક અને ભારત સરકારે મહારાષ્ટ્ર રાજ્યમાં ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા માટે અને ગ્રામીણ જોડાણ સુધારવા માટે 300 મિલિયન ડોલરની લોન પર હસ્તાક્ષર કર્યા છે.)

22. કયા દેશ સાથે ભારતે 'Center of Excellence on Offshore Wind' શરૂ કરવા માટે ભાગીદારી કરી છે ? – ડેનમાર્ક

23. કયા મંત્રાલયે તાજેતરમાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2021ની શરૂઆત કરી છે ? – જળ શક્તિ મંત્રાલય

24. કાલ્પનિક નવલકથા 'પિરાનેસી' માટે 'Women's Prize for Fiction' પુરસ્કાર કોણે જીત્યો છે ? – સુશ્રી સુઝાના કલાર્ક
(બ્રિટિશ લેખિકા સુશ્રી સુઝાના કલાર્કે કાલ્પનિક નવલકથા 'પિરાનેસી' માટે 'Women's Prize for Fiction' પુરસ્કાર જીત્યો છે. તેમને તેમની નવલકથા માટે 30,000 પાઉન્ડની રકમ એનાયત કરવામાં આવી છે.)

25. કયા દિવસે 'યુનિવર્સલ બ્રધરહુડ ડે' ઉજવવામાં આવે છે ? – 11 સપ્ટેમ્બર
(શ્રી સ્વામી વિવેકાનંદે વર્ષ 1893માં શિકાગોમાં આપેલા ઐતિહાસિક ભાષણની યાદમાં દર વર્ષે 11 સપ્ટેમ્બરે 'યુનિવર્સલ બ્રધરહુડ ડે' ઉજવવામાં આવે છે. શ્રી સ્વામી વિવેકાનંદનું આ પ્રતિષ્ઠિત ભાષણ 11 સપ્ટેમ્બરથી 27 સપ્ટેમ્બર, 1893 દરમિયાન યોજાયેલી પ્રથમ વિશ્વ ધર્મ પરિષદમાં વિશ્વભરના પ્રતિનિધિઓ વચ્ચે આપવામાં આવ્યું હતું.)

26. રાજ્યના સરકારી કર્મચારીઓને હવેથી કેટલા ટકા મોંઘવારી ભથ્થું આપવામાં આવશે ? – 28%
(ગુજરાત સરકારે કરેલી જાહેરાત અનુસાર હવે રાજ્યના સરકારી કર્મચારીઓને 28 ટકા મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે. જે અગાઉ 17% આપવામાં આવતું હતું.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ટોક્યો પેરાલિમ્પિક-2020




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી, ફ્રી મટીરિયલ્સ, વીડિયો લેક્ચર તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે અહીં Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## ટોક્યો પેરાલિમ્પિક-2020

- 24 ઓગસ્ટ, 2021 થી 5 સપ્ટેમ્બર, 2021 દરમિયાન ટોક્યો ખાતે 16મી પેરાલિમ્પિકનું આયોજન થયું હતું.
- ટોક્યો પેરાલિમ્પિક 2020માં 22 રમતોની 539 ઈવેન્ટ માટે લગભગ 4,403 ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- નોંધનીય છે કે ટોક્યો પેરાલિમ્પિક વર્ષ 2020માં 25 ઓગસ્ટથી 6 સપ્ટેમ્બર, 2020 દરમિયાન યોજાવાનો હતો. પરંતુ કોરોના મહામારીના કારણે 1 વર્ષ મોકૂફ રાખવામાં આવ્યો હતો.
- આ પેરાલિમ્પિક વર્ષ 2021માં યોજાયો હોવા છતા પણ માર્કેટિંગ અને બ્રાન્ડિંગના કારણોસર આ પેરાલિમ્પિકનું નામ 'ટોક્યો પેરાલિમ્પિક 2020' જ રાખવામાં આવ્યું હતું.

## ઉદ્‌ઘાટન સમારોહ

- ઉદ્‌ઘાટન સમારોહ 24 ઓગસ્ટ, 2021ના રોજ ટોક્યોના ઓલિમ્પિક સ્ટેડિયમમાં યોજાયો હતો.
- જાપાનના સમ્રાટ શ્રી નારૂહિતો દ્વારા ટોક્યો પેરાલિમ્પિક 2020 ખુલ્લો મુકવામાં આવ્યો હતો.
- ટોક્યો પેરાલિમ્પિક ઉદ્‌ઘાટન સમારોહની થીમ 'Moving Forward : We Have Wings' (આગળ વધવું : અમારી પાસે પાંખો છે) હતી.
- ટોક્યો પેરાલિમ્પિક 2020માં ભાગ લેનાર 163 દેશોની ટીમો ઉદ્‌ઘાટન સમારંભમાં પરેડ કરતા સ્ટેડિયમમાં પ્રવેશી હતી.
- જેમાં ભારતે 17માં ક્રમે એન્ટ્રિ લીધી હતી.

## ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતના ધ્વજવાહક



- ટોક્યો પેરાલિમ્પિક 2020માં ભારતના ધ્વજવાહક શ્રી ટેક ચંદ હતા.
- ઉદ્‌ઘાટન સમારોહની પરેડમાં શ્રી ટેક ચંદે ભારતનો રાષ્ટ્રધ્વજ લઈને ભારતીય ટીમનું નેતૃત્વ પુરું પાડ્યું હતું.

નોંધ : (1) ટોક્યો પેરાલિમ્પિક 2020માં ભારતના ધ્વજવાહક તરીકે શ્રી મરિયપ્પન થંગાવેલુંને પંસદ કરવામાં આવ્યા હતા.

(2) ટોક્યોની ફલાઈટમાં તે કોરોનાના દર્દીની નજીક હોવાથી તેમને ક્વોરોન્ટાઈન થવું પડ્યું હતું.

(3) આથી જેવેલિન થ્રોઅર શ્રી ટેક ચંદને ધ્વજવાહક તરીકે પંસદ કરવામાં આવ્યા હતા.

## ટોક્યો પેરાલિમ્પિક- 2020નું સુત્ર (Motto)

- ટોક્યો પેરાલિમ્પિક 2020નું સુત્ર 'United by Emotion' છે.

## ટોક્યો પેરાલિમ્પિક- 2020નું Mascot



- ટોક્યો પેરાલિમ્પિક 2020નું સત્તાવાર માસ્કોટ અથવા શુભંકર 'સોમિટી' (Someity) છે.
- સોમિટી (Someity) એ ચેરી બ્લોસમ ફૂલોથી પ્રેરિત ગુલાબી ચેકર્ડ પેટર્નવાળી આકૃતિ છે.
- આ ડિઝાઈન જાપાનીઝ કલાકાર શ્રી યોં તાનિગુચી દ્વારા બનાવવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટોક્યો પેરાલિમ્પિક- 2020માં નવી ઉમેરાયેલી રમતો

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં 2 નવી રમતો ઉમેરવામાં આવી હતી :

(1) બેડમિન્ટન

(2) તાઈક્વોન્ડો (Taekwondo)

## ટોક્યો પેરાલિમ્પિક- 2020ની રમતો

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં કુલ 22 રમતોમાં 539 ઈવેન્ટ્સ હતી.

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં કેનો, શૂટિંગ, ટેબલ ટેનિસ, ટ્રેક સાઈકલિંગ અને વ્હીલચેર ફેન્સિંગમાં મેડલ ઈવેન્ટની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો.

⇛ જ્યારે સ્વિમિંગ અને એથ્લેટિક્સની ઈવેન્ટમાં ઘટાડો જોવા મળ્યો હતો.

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં યોજાયેલ વિવિધ 22 રમતો નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| (1) | તીરંદાજી | (12) | પાવર લિફ્ટિંગ |
| (2) | એથ્લેટિક્સ | (13) | રોવિંગ |
| (3) | બેડમિન્ટન | (14) | શૂટિંગ |
| (4) | બોકિયા (Boccia) | (15) | સીટિંગ વોલિબોલ |
| (5) | સાઈકલિંગ (રોડ અને ટ્રેક પર) | (16) | સ્વિમિંગ |
| (6) | અશ્વારોહણ (Equestrian) | (17) | ટેબલ ટેનિસ |
| (7) | ફૂટબોલ 5 એ–સાઈડ | (18) | તાઈક્વોન્ડો |
| (8) | ગોલબોલ (Goalball) | (19) | વ્હીલચેર બાસ્કેટબોલ |
| (9) | જુડો | (20) | વ્હીલચેર ફેન્સિંગ |
| (10) | પેરાકેનો (Pareacanoe) | (21) | વ્હીલચેર રગ્બી |
| (11) | પેરા ટ્રી આથલોન | (22) | વ્હીલચેર ટેનિસ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ટોક્યો પેરાલિમ્પિક- 2020 મેડલ ટેબલ

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં કુલ 96 ગોલ્ડ, 60 સિલ્વર અને 51 બ્રોન્ઝ મેડલ મળીને કુલ 207 મેડલ સાથે ચીન પ્રથમ ક્રમાંકે રહ્યું છે.

⇛ ત્યારબાદ ગ્રેટ બ્રિટન બીજા અને અમેરિકા ત્રીજા ક્રમે રહ્યું છે.

⇛ જ્યારે ભારત આ મેડલ ટેબલમાં 24માં સ્થાને રહ્યું છે.

## ટોક્યો પેરાલિમ્પિક- 2020 મેડલ ટેબલ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ચીન | 96 | 60 | 51 | 207 |
| 2 | ગ્રેટ બ્રિટન | 41 | 38 | 45 | 124 |
| 3 | અમેરિકા | 37 | 36 | 31 | 104 |
| 4 | RPC (રશિયા પેરાલિમ્પિક સમિતિ) | 36 | 33 | 49 | 118 |
| 5 | નેધરલેન્ડ | 25 | 17 | 17 | 59 |
| 6 | યુક્રેન | 24 | 47 | 27 | 98 |
| 7 | બ્રાઝિલ | 22 | 20 | 30 | 72 |
| 8 | ઓસ્ટ્રેલિયા | 21 | 29 | 30 | 80 |
| 24 | ભારત | 5 | 8 | 6 | 19 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટોક્યો પેરાલિમ્પિક- 2020માં ભારત

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં 5 ગોલ્ડ, 8 સિલ્વર અને 6 બ્રોન્ઝ મેડલ મળીને કુલ 19 મેડલ સાથે ભારત મેડલ ટેબલમાં 24માં ક્રમે હતું.

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં નીચે મુજબના ખેલાડીઓએ વિવિધ રમતોમાં મેડલ જીત્યા હતા.

## ગોલ્ડ મેડલ

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1 | સુશ્રી અવની લેખરા | શૂટિંગ (મહિલાઓની 10 મીટર એર રાઈફલ SH1) |
| 2 | શ્રી સુમિત આંતિલ | મેન્સ જેવેલિન થ્રો F64 |
| 3 | શ્રી મનીષ નરવાલ | શૂટિંગ (મિક્સ 50 મીટર પિસ્તોલ) |
| 4 | શ્રી પ્રમોદ ભગત | બેડમિન્ટન (મેન્સ સિંગલ્સ SH6) |
| 5 | શ્રી કૃષ્ણા નાગર | બેડમિન્ટન (મેન્સ સિંગલ્સ SH6) |

## સિલ્વર મેડલ

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1 | સુશ્રી ભાવિનાબેન પટેલ | ટેબલ ટેનિસ (મહિલા સિંગલ્સ C4) |
| 2 | શ્રી નિષાદ કુમાર | હાઈ જમ્પ (T 7) |
| 3 | શ્રી યોગેશ કથુનિયા | મેન્સ ડિસ્ક થ્રો (F56) |
| 4 | શ્રી દેવેન્દ્ર ઝાંઝરિયા | જેવેલિન થ્રો (F46) |
| 5 | શ્રી મરિયપ્પન થંગાવેલુ | મેન્સ હાઈજમ્પ (T63) |
| 6 | શ્રી પ્રવિણ કુમાર | મેન્સ હાઈ જમ્પ (T64) |
| 7 | શ્રી સિંહરાજ અધના | શૂટિંગ (50 મીટર પિસ્તોલ SH1) |
| 8 | શ્રી સુહાસ લલિનાકરે યથીરાજ | બેડમિન્ટન (મેન્સ સિંગલ્સ SL4) |

## બ્રોન્ઝ મેડલ

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી સુંદર સિંહ ગુર્જર | મેન્સ જેવેલિન થ્રો F46 |
| 2 | શ્રી સિંહરાજ અધના | શૂટિંગ (10 મીટર એર પિસ્તોલ SH1) |
| 3 | શ્રી શરદ કુમાર | મેન્સ હાઈ જમ્પ (T63) |
| 4 | શ્રી હરવિંદર સિંહ | તીરંદાજી |
| 5 | શ્રી મનોજ સરકાર | બેડમિન્ટન (મેન્સ સિંગલ્સ SL3) |
| 6 | સુશ્રી અવની લેખરા | શૂટિંગ (મહિલાઓની 50 મીટર રાઈફલ 3 પોઝિશન SH1) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ટોક્યો પેરાલિમ્પિક 2020માં મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ વિશે



## સુશ્રી અવની લેખરા

- ભારતીય પેરાલિમ્પિયન અને રાઈફલ શૂટર (શૂટિંગ) સુશ્રી અવની લેખરાએ ટોક્યો પેરાલિમ્પિક 2020માં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.
- આ સાથે પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે.
- સુશ્રી અવની લેખરાએ વિમેન્સ 10 મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ SH1 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- તેમણે ફાઈનલમાં 249.6 પોઈન્ટ પ્રાપ્ત કર્યા હતા.
- આ ઉપરાંત તેમણે ટોક્યો ઓલિમ્પિક 2020માં જ 50 મીટર એર રાઈફલ્સમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો છે.
- સુશ્રી અવની લેખરાનો જન્મ 8 નવેમ્બર, 2001ના રોજ રાજસ્થાનના જયપુર ખાતે થયો હતો.
- નોંધનીય છે કે શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીતનાર સુશ્રી અવની લખેરા રાજસ્થાન વન વિભાગમાં ACF તરીકે કાર્યરત છે.
- વર્ષ 2012માં કાર અકસ્માત દરમિયાન કરોડરજ્જુમાં ઈજા થઈ હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

⇛ સુશ્રી અવની લખેરા વર્તમાન શૂટિંગ ક્ષેત્રે વિશ્વમાં પાંચમાં ક્રમે છે.

⇛ તેમણે વર્ષ 2019માં દુબઈમાં યોજાયેલા પેરા શૂટિંગ વર્લ્ડ કપની 10 મીટર એર રાઈફલ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

⇛ આ ઉપરાંત વર્ષ 2015માં નેશનલ પેરાલિમ્પિક શૂટિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## શ્રી પ્રમોદ ભગત



⇛ શ્રી પ્રમોદ ભગતે ટોક્યો પેરાલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં મેન્સ સિંગલ્સ SL3 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

⇛ તેમણે મેન્સ સિંગલ્સની ફાઈનલમાં બ્રિટનના શ્રી ડેનિયલ બેથલને 21-24, 21-17ના સ્કોરથી પરાજય આપ્યો હતો.

⇛ શ્રી પ્રમોદ ભગતનો જન્મ 4 જૂન, 1988ના રોજ બિહારના વૈશાલી જિલ્લાના હાજીપુર ખાતે થયો હતો.

⇛ આ અગાઉ તેમણે પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ચાર વખત ગોલ્ડ (2013, 2015 અને 2019માં બે), એક સિલ્વર (2015) અને એક બ્રોન્ઝ (2017) મેડલ જીત્યો છે.

⇛ આ ઉપરાંત એશિયન પેરા–બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં એક ગોલ્ડ (2018માં), અને બે બ્રોન્ઝ (2014, 2018) મેડલ પણ જીત્યા છે.

⇛ વર્ષ 2019માં તેમને 'અર્જૂન એવોર્ડ' અને 'બિજુ પટનાયક સ્પોર્ટ્સ એવોર્ડ ઓડિશા' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## શ્રી કૃષ્ણા નાગર



શ્રી કૃષ્ણા નાગરે ટોક્યો પેરાલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

⇛ તેમણે બેડમિન્ટનની SH6 ઈવેન્ટની ફાઈનલમાં હોંગકોંગના ચુ માન ફેઈને 21-17, 16-21, 21-17થી પરાજય આપીને આ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

⇛ શ્રી કૃષ્ણા નાગરનો જન્મ 12 જાન્યુઆરી, 1999ના રોજ રાજસ્થાનના જયપુર ખાતે થયો હતો.

⇛ આ અગાઉ તેમણે વર્ષ 2019માં વિશ્વ ચેમ્પિયનશિપમાં એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો.

⇛ આ ઉપરાંત વર્ષ 2018માં જકાર્તા ખાતે એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## શ્રી સુમિત અંતિલ



⇛ શ્રી સુમિત અંતિલે ટોક્યો પેરાલિમ્પિક 2020માં જેવેલિન થ્રો (ભાલાફેંક)માં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

⇛ શ્રી સુમિત અંતિલે જેવેલિન થ્રો ની F64 ઈવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે.

⇛ તેમણે 68.55 મીટરનો થ્રો ફેંકી આ ગોલ્ડ મેડલ જીત્યો છે.

⇛ શ્રી સુમિત અંતિલની આ સિધ્ધિ બદલ હરિયાણા સરકારે તેમના માટે 6 કરોડ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે.

⇛ શ્રી સુમિત અંતિલનો જન્મ 6 જુલાઈ, 1998ના રોજ હરિયાણા રાજ્યના સોનીપત ખાતે થયો હતો.

⇛ વર્ષ 2015માં એક અકસ્માતમાં તેમણે તેનો ડાબો પગ ગુમાવ્યો હતો.

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં 68.55 મીટર થ્રો ફેંકી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

⇛ આ અગાઉ 2019માં દુબઈ ખાતે વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી મનીષ નરવાલ



⇛ શ્રી મનીષ નરવાલે ટોક્યો પેરાલિમ્પિક 2020માં શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

⇛ શ્રી મનીષ નરવાલે મિક્સ P4- 50 મીટર પિસ્તોલ SH1 ઈવેન્ટમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો છે.

⇛ શ્રી મનીષ નરવાલનો જન્મ 17 ઓક્ટોબર, 2001ના રોજ હરિયાણાના ફરીદાબાદ ખાતે થયો હતો.

⇛ તેઓએ ફરિદાબાદ ખાતે થી શૂટિંગની કારકિર્દી શરૂ કરી હતી.

⇛ વર્ષ 2020માં તેમને અર્જૂન એવોર્ડ એનાયત થયો હતો.

## સુશ્રી ભાવિનાબેન પટેલ



⇛ ટોક્યો પેરાલિમ્પિકમાં ગુજરાતના દીકરી સુશ્રી ભાવિનાબેન પટેલે ટેબલ ટેનિસના મહિલા સિંગલ્સ વર્ગ–4 કેટેગરીમાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

⇛ સુશ્રી ભાવિનાબેનનો ફાઈનલમાં ચીનના ખેલાડી સુશ્રી ઝોઉ યિંગ સામે પરાજય થયો હતો.

⇛ આ સાથે ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતને પ્રથમ મેડલ પણ અપાવ્યો છે.

⇛ સુશ્રી ભાવીનાબેન પટેલે પોતાના ખેલ કૌશલ્યથી ગુજરાત સહીત સમગ્ર ભારતને વિશ્વસ્તરે ગૌરવ અપાવ્યું છે.

⇛ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારની દિવ્યાંગ ખેલ પ્રતિભા પ્રોત્સાહન પુરસ્કાર યોજના અંતર્ગત ભાવિનાબેન પટેલને પ્રોત્સાહન રૂપે 3 કરોડ રૂપિયાનો પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે.

⇛ સુશ્રી ભાવિનાબેન પટેલનો જન્મ મહેસાણા જિલ્લાના સુંધિયા (સુંઢિયા) ગામ ખાતે થયો હતો.

⇛ સુશ્રી ભાવિનાબેન પટેલને બાળપણથી પોલિયોની અસર થતા તેના બંને પગ કામ કરતા બંધ થઈ ગયા હતા.

⇛ મક્કમ મન ધરાવતા ભાવિનાબેન પટેલે સ્નાતક સુધી અભ્યાસ કર્યો છે. ત્યારબાદ તેમણે વ્હીલચેરથી ટેબલ ટેનિસ રમવાનું શરૂ કર્યુ હતું.

⇛ તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સંખ્યાબંધ ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા છે.

⇛ વર્ષ 2011માં સુશ્રી ભાવિનાબેન પટેલે PTT થાઈલેન્ડ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ જીતીને ઈતિહાસ રચ્યો હતો.

⇛ ત્યારબાદ ઓક્ટોબર 2013માં બેઈજિંગમાં એશિયન પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં વર્ગ 4 કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

⇛ વર્ષ 2017માં ફરી એકવાર તેમણે એશિયન પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

નોંધ : (1) વર્ગ 4 કેટેગરી એટલે રમતવીર યોગ્ય બેઠક સંતુલન જાળવે છે. જેમાં તેના હાથ યોગ્ય હોય છે. જ્યારે તેની કમરનો નીચેનો ભાગ ઈજા અથવા લકવાના કારણે નબળો છે અને કામ કરી શકતો નથી.

(2) ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પેરાલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ને રૂ. 5 કરોડ, સિલ્વર મેડલ વિજેતાને રૂ. 3 કરોડ અને બ્રોન્ઝ મેડલ વિજેતાને રૂ. 2 કરોડ પ્રોત્સાહક ધન રાશિ દિવ્યાંગ ખેલ પ્રતિભા યોજના હેઠળ આપવાનો નવતર અભિગમ રમત–ગમત વિભાગે શરૂ કર્યો છે.

(3) આ અંતર્ગત સુશ્રી ભાવિનાબેન પટેલને 3 કરોડ રૂપિયાની પ્રોત્સાહક ધનરાશિ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી નિષાદ કુમાર

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી નિષાદ કુમારે પુરુષોની T47 હાઈ જમ્પ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

⇛ શ્રી નિષાદ કુમારે 2.06 મીટરનો હાઈ જમ્પ લગાવીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો.

⇛ નોંધનીય છે કે ટોક્યો પેરાલિમ્પિકની T47 હાઈ જમ્પ (ઉંચી કૂદ)ની કેટેગરીમાં સિલ્વર મેડલ માટે ટાઈ પડી હતી.

⇛ આથી ભારતના શ્રી નિષાદ કુમાર અને અમેરિકાના શ્રી ડેલ્લાસ વાઈઝને સંયુક્તપણે સિલ્વર મેડલ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

⇛ શ્રી નિષાદ કુમારનો જન્મ 3 ઓક્ટોબર, 1999ના રોજ હિમાચલ પ્રદેશના ઉના જિલ્લામાં થયો હતો.

⇛ માત્ર 8 વર્ષની ઉંમરે એક અકસ્માત દરમિયાન તેમણે તેમનો જમણો હાથ ગુમાવ્યો હતો.

⇛ આ અગાઉ દુબઈમાં વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સમાં પુરુષોની હાઈ જમ્પ T46 કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

⇛ T47 કેટેગરીમાં મુખ્યત્વે કોણી નીચે અથવા કાંડાની ક્ષતિ ધરાવતા રમતવીરોનો સમાવેશ થાય છે.

## શ્રી યોગેશ કથુનિયા

⇛ ડિસ્ક થ્રો ની F 56 ઈવેન્ટમાં ભારતીય પેરા ખેલાડી શ્રી યોગેશ કથુનિયાએ સિલ્વર મેડલ જીત્યો છે.

⇛ તેમણે 44.38 મીટર દૂર બેસ્ટ થ્રો કરી આ સિલ્વર મેડલ જીત્યો છે.

⇛ શ્રી યોગેશ કથુનિયાનો જન્મ 3 માર્ચ, 1997ના રોજ દિલ્હી ખાતે થયો હતો.

⇛ આ અગાઉ વર્ષ 2019માં વિશ્વ ચેમ્પિયનશિપમાં ડિસ્ક થ્રો ની F56 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી દેવેન્દ્ર ઝાઝરિયા

⇛ ભારતના અનુભવી પેરાએથ્લેટ શ્રી દેવેન્દ્ર ઝાઝરિયાએ મેન્સ જેવેલિન થ્રો ની F-46 ઈવેન્ટમાં 64.35 મીટરના બેસ્ટ થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.

⇛ નોંધનીય છે કે તેઓ અગાઉ પેરાલિમ્પિક્સમાં બે વખત ગોલ્ડ મેડલ જીતી ચૂક્યા છે.

⇛ શ્રી દેવેન્દ્ર ઝાઝરિયાનો જન્મ 10 જૂન, 1981ના રોજ રાજસ્થાનના ચુરુ જિલ્લામાં થયો હતો.

⇛ એક ઝાડ પર ચઢતા સમયે તેમને જીવંત ઈલેક્ટ્રિક કેબલ સ્પર્શ થયો હતો જેના કારણે તેમને ડાબા હાથ પર ઈજા થઈ હતી.

⇛ આ દુર્ઘટનામાં તેમણે તેમનો ડાબો હાથ ગુમાવ્યો હતો. આ સમયે તેમની ઉંમર માત્ર 8 વર્ષની હતી.

⇛ વર્ષ 2004માં એથેન્સ પેરાલિમ્પિક અને વર્ષ 2016માં રિયો પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.

⇛ આ ઉપરાંત IPC વર્લ્ડ ચેમ્પિયનશિપમાં વર્ષ 2013માં ગોલ્ડ અને વર્ષ 2015માં સિલ્વર મેડલ જીત્યો હતો.

⇛ વર્ષ 2014માં દક્ષિણ કોરિયાના ઈંચિયોન ખાતે એશિયન પેરા ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

⇛ શ્રી દેવેન્દ્ર ઝાઝરિયાને મળેલા પુરસ્કાર આ મુજબ છે :

(1) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન (2017)

(2) પદ્મ શ્રી (2012)

(3) અર્જુન એવોર્ડ (2004)

## શ્રી મરિયપ્પન થંગાવેલુ

⇛ શ્રી મરિયપ્પન થંગાવેલુએ હાઈ જમ્પની T63 ઈવેન્ટની ફાઈનલમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

⇛ શ્રી મરિયપ્પન થંગાવેલુનો જન્મ 28 જૂન, 1995ના રોજ તમિલનાડુના સાલેમ જિલ્લાના પેરીયાવાડાગામપટ્ટી ખાતે થયો હતો.

⇛ આ અગાઉ વર્ષ 2016માં રિયો પેરાલિમ્પિકમાં હાઈ જમ્પની T42 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

⇛ શ્રી મરિયપ્પન થંગાવેલુને મળેલા પુરસ્કાર આ મુજબ છે :

(1) પદ્મ શ્રી (2017) (2) અર્જુન એવોર્ડ (2017) (3) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન (2020)

## શ્રી પ્રવીણ કુમાર

⇛ શ્રી પ્રવીણ કુમારે ટોક્યો પેરાલિમ્પિક 2020માં હાઈ જમ્પમાં T64 ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો છે.

⇛ શ્રી પ્રવીણ કુમારનો જન્મ ઉત્તરપ્રદેશના નોઈડા ખાતે થયો હતો.

## શ્રી સિંહરાજ અધના

⇛ શ્રી સિંહરાજ અધનાએ ટોક્યો પેરાલિમ્પિક 2020માં શૂટિંગમાં મેન્સ 10 મીટર એર પિસ્તોલ SH1માં બ્રોન્ઝ મેડલ અને 50 મીટર એર પિસ્તોલ SH1ની મિક્સ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

⇛ શ્રી સિંહરાજ અધનાનો જન્મ 26 જાન્યુઆરી, 1982ના રોજ હરિયાણાના ફરીદાબાદ ખાતે થયો હતો.

⇛ તેમને 'સિંહરાજ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## શ્રી સુહાસ યથિરાજ

⇛ શ્રી સુહાસ લલિનાકરે યથિરાજે ટોક્યો પેરાલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં સિલ્વર મેડલ જીત્યો છે.

⇛ બેડમિન્ટનની મેન્સ સિંગલ્સ SL4 ઈવેન્ટમાં આ સિલ્વર મેડલ જીત્યો છે.

⇛ નોંધનીય છે કે શ્રી સુહાસ યથિરાજ 2007ની બેચના IAS અધિકારી છે.

⇛ શ્રી સુહાસ લલિનાકરે યથિરાજનો જન્મ 2 જુલાઈ, 1983ના રોજ કર્ણાટકના હસન ખાતે થયો હતો.

⇛ તેઓ હાલમાં ઉત્તરપ્રદેશના ગૌતમ બુધ્ધનગર જિલ્લામાં IAS અધિકારી તરીકે સેવા આપે છે.

⇛ આ અગાઉ તેમણે વર્ષ 2018માં જકાર્તા ખાતે આયોજિત એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી સુંદર સિંહ ગુર્જર

- શ્રી સુંદર સિંહ ગુર્જરે ટોક્યો પેરાલિમ્પિક 2020માં જેવેલિન થ્રો ની F46 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- તેમણે 64.01 મીટર થ્રો કરી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- શ્રી સુંદર સિંહ ગુર્જરનો જન્મ 1 જાન્યુઆરી, 1996ના રોજ રાજસ્થાનના કરૌલી ખાતે થયો હતો.
- તેમણે આ અગાઉ ઈન્ડોનેશિયામાં યોજાયેલ એશિયન પેરા ગેમ્સમાં જેવેલિન થ્રો ની F46 ઈવેન્ટમાં સિલ્વર મેડલ અને ડિસ્ક થ્રો ની F46 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## શ્રી શરદ કુમાર

- ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી શરદ કુમારે હાઈ જમ્પની T63 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- શ્રી શરદ કુમારનો જન્મ 1 માર્ચ, 1992ના રોજ બિહાર રાજ્યના મુઝફ્ફર ખાતે થયો હતો.
- આ અગાઉ તેમણે એશિયન પેરા ગેમ્સમાં વર્ષ 2014માં અને વર્ષ 2018માં એમ બે વખત ગોલ્ડ મેડલ જીત્યો છે.
- આ ઉપરાંત IPC વર્લ્ડ ચેમ્પિયનશિપ વર્ષ 2017માં લંડન ખાતે સિલ્વર મેડલ જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી હરવિંદર સિંહ

- શ્રી હરવિંદર સિંહે ટોક્યો પેરાલિમ્પિક 2020માં મેન્સ સિંગલ્સ રિકર્વ તીરંદાજીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- ભારત માટે તીરંદાજીમાં આ પ્રથમ ઓલિમ્પિક મેડલ છે.

## શ્રી મનોજ સરકાર

- શ્રી મનોજ સરકારે ટોક્યો પેરાલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- શ્રી મનોજ સરકારે બેડમિન્ટનની SL3 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- શ્રી મનોજ સરકારનો જન્મ 12 જાન્યુઆરી, 1990ના રોજ ઉત્તરાખંડના રૂદ્રપુર ખાતે થયો હતો.
- આ અગાઉ તેમણે વિશ્વ ચેમ્પિયનશિપમાં 3 ગોલ્ડ ( 2013, 2015 અને 2019), એક સિલ્વર (2017) અને 3 બ્રોન્ઝ (2013, 2015, 2019) મેડલ જીત્યા હતા.
- આ ઉપરાંત તેઓ એશિયન પેરા ગેમ્સમાં એક સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ તથા એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં એક ગોલ્ડ તથા એક બ્રોન્ઝ મેડલ પણ જીતી ચૂક્યા છે.

## ટોક્યો પેરાલિમ્પિક 2020 વિશે કેટલીક પરીક્ષાલક્ષી માહિતી

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020માં ભારતના કુલ 54 ખેલાડીઓએ ભાગ લીધો હતો.

⇛ આ 54 ખેલાડીઓમાં 40 પુરૂષ અને 14 મહિલા ખેલાડીનો સમાવેશ થાય છે.

⇛ ટોક્યો પેરાલિમ્પિક અગાઉના કોઈપણ ઓલિમ્પિકમાં ભારતે ગોલ્ડ, સિલ્વર કે બ્રોન્ઝ મેડલમાં બેથી વધારે મેડલ જીત્યા ન હતા. ભારતે ટોક્યો પેરાલિમ્પિકમાં આ તમામ મેડલમાં રેકોર્ડ સ્થાપિત કરી દીધો છે.

⇛ પેરા–શૂટર સુશ્રી અવની લેખરાએ શૂટિંગમાં બે મેડલ જીત્યા હતા જેમાં 10 મીટર એર રાઈફલની SH1 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અને 50 મીટર રાઈફલ્સ 3 પોઝિશન SH1માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આમ તે વ્યક્તિગત ગોલ્ડ મેડલ અને એકથી વધુ મેડલ વિજેતા પ્રથમ ભારતીય મહિલા બન્યા હતા.

⇛ આ ઉપરાંત શ્રી સિંહરાજ અધાનાએ પણ બે મેડલ જીત્યા હતા. તેમણે 50 મીટર પિસ્તોલ SH1માં સિલ્વર અને 10 મીટર એર પિસ્તોલ SH1 કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

⇛ પેરા–બેડમિન્ટન ખેલાડી શ્રી સુહાસ લલિનાકરે યથિરાજ પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ IAS અધિકારી છે.

⇛ ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતના ખેલાડીઓએ સૌથી વધારે આઠ મેડલ એથ્લેટિક્સમાં મેળવ્યા હતા.

⇛ ટોક્યો પેરાલિમ્પિકમાં ગુજરાતની ત્રણ દીકરીઓની પસંદગી થઈ હતી. જેમાં સુશ્રી સોનલબેન પટેલ અને સુશ્રી ભાવિનાબેન પટેલ ટેબલ ટેનિસમાં તથા સુશ્રી પારૂલબેન પરમાર પેરા બેડમિન્ટનની રમતમાં પસંદગી પામ્યા હતા.

⇛ નોંધનીય છે કે ટોક્યો પેરાલિમ્પિકમાં શ્રી વિનોદ કુમારે ડિસ્ક થ્રોમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો પરંતુ તેની ક્વોલિફિકેશન અંગે પ્રશ્નાર્થ થતા ઈવેન્ટનું પરિણામ સ્થગિત કરાયું હતું.

⇛ શ્રી રાકેશ કુમાર તીરંદાજીની રમત સાથે સંકળાયેલા ખેલાડી છે.

⇛ ટોક્યો પેરાલિમ્પિકમાં ભાગ લેનાર ખેલાડી શ્રી સુયશ જાધવ સ્વિમિંગની રમત સાથે સંકળાયેલ છે.

⇛ ટોક્યો પેરાલિમ્પિકમાં 96 ગોલ્ડ, 60 સિલ્વર અને 31 બ્રોન્ઝ મેડલ મળીને કુલ 207 મેડલ સાથે ચીન પ્રથમ ક્રમે છે.

⇛ ચીનની મહિલા પેરા એથ્લેટ સુશ્રી ગ્યુઓ લિંગલિંગે ટોક્યો પેરાલિમ્પિકની વિમેન્સ 41 કિગ્રા વેઈટ કટેગરીની પાવરલિફ્ટિંગમાં કુલ 109 કિગ્રા વજન ઉંચકીને નવો રેકોર્ડ નોંધાવ્યો હતો.

⇛ વિમેન્સ 100 મીટર બ્રેસ્ટ સ્ટ્રોક SB-9 કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતનાર સુશ્રી ચાન્ટાલે ઝિડરવેલ્ડ નેધરલેન્ડના ખેલાડી છે.

⇛ પેરા–સાઈકલિસ્ટમાં ગોલ્ડ જીતનાર સુશ્રી સારાહ સ્ટોરી બ્રિટનના પેરા–ખેલાડી છે. તેમણે પેરાલિમ્પિકમાં અત્યાર સુધીમાં કુલ 17 ગોલ્ડ, 8 સિલ્વર અને 3 બ્રોન્ઝ સહિત 28 મેડલ જીત્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સમાપન સમારોહ

⇛ 5 સપ્ટેમ્બર, 2021ના રોજ ટોક્યો પેરાલિમ્પિક 2020નો સમાપન સમારોહ યોજાયો હતો.

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020ના સમાપન સમારોહ બાદ પંરપરા મુજબ ટોક્યોના સ્ટેડિયમમાંથી પેરાલિમ્પિકનો ધ્વજ ઉતારી લેવામાં આવ્યો હતો.

⇛ આ ફલેગ વર્ષ 2024ના ઓલિમ્પિક/પેરાલિમ્પિક યજમાન શહેર પેરિસના મેયર શ્રી એન્ના હિડાલ્ગોને સોંપવામાં આવ્યો હતો.

⇛ ટોક્યો પેરાલિમ્પિક 2020ના સમાપન સમારોહમાં ભારતના ધ્વજવાહક સુશ્રી અવની લેખરા હતા.

## પેરાલિમ્પિક ગેમ્સ અને તેમનો ઈતિહાસ

⇛ પેરાલિમ્પિક ગેમ્સ અથવા પેરાલિમ્પિકને 'પેરાલિમ્પિયાડની રમતો' તરીકે પણ ઓળખવામાં આવે છે.

⇛ તે મલ્ટી–સ્પોર્ટ ઈવેન્ટ છે જેમાં વિવિધ પ્રકારની અપંગતા ધરાવતા લોકો ભાગ લે છે.

⇛ જેમાં સ્નાયુઓની નબળાઈ (દા.ત. પેરાપ્લેજિયા અને ક્વાડ્રિપ્લેજિયા, સ્નાયુબધ્ધ ડિસ્ટ્રોફી, પોસ્ટ–પોલિયો સિન્ડ્રોમ), હલનચલનની ક્ષતિગ્રસ્ત નિષ્ક્રિય શ્રેણી, અંગની ખામીઓ (દા.ત. અંગવિચ્છેદન અથવા ડિસમેલિયા), પગની લંબાઈનો તફાવત, ટૂંકા કદ, હાયપરટોનિયા, એટકિસ્યા, એથેટોસિસ, દૃષ્ટિની ખામી જેવા વગેરે ખેલાડી ભાગ લઈ શકે છે.

⇛ પેરાલિમ્પિક વર્ષ 1948માં બીજા વિશ્વયુધ્ધના દિગ્ગજોની એક નાની મેળવડો (સંમેલન)માંથી વિકસીને 21મી સદીની શરૂઆતમાં સૌથી મોટી આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાઓમાંની એક બની હતી.

⇛ જર્મન ન્યુરોલોજીસ્ટ શ્રી લુડવિગ ગુટમેને વર્ષ 1948માં પ્રથમ વખત વ્હીલચેર વપરાશકર્તાઓ માટે તીરંદાજી સ્પર્ધાનું આયોજન કર્યુ હતું.

⇛ તે સમયે આ ગેમ્સ 'સ્ટોક મેન્ડવિલે ગેમ્સ' તરીકે ઓળખાતી હતી. જે હવે પેરાલિમ્પિક ગેમ્સ તરીકે ઓળખાય છે.

⇛ શ્રી લુડવિગ ગુટમેનને પેરાલિમ્પિકના સ્થાપક અને પ્રણેતા તરીકે ઓળખવામાં આવે છે.

⇛ ત્યારબાદ વર્ષ 1960 થી દર વર્ષે પેરાલિમ્પિક ગેમ્સનું આયોજન થાય છે.

⇛ વર્ષ 1960માં રોમ ખાતે પેરાલિમ્પિકનું આયોજન થયું હતું.

⇛ પેરાલિમ્પિક ગેમ્સનું ઓલિમ્પિક ગેમ્સની સાથે સમાંતર આયોજન કરવામાં આવે છે.

⇛ નોંધનીય છે કે શરૂઆતમાં આ રમત માત્ર વ્હીલચેર એથ્લેટ માટે જ યોજાતી હતી.

⇛ ત્યારબાદ આગળ જતા અપંગતાના વર્ગીકરણના આધારે વિવિધ ઈવેન્ટો યોજાતી રહી છે.

⇛ તમામ પેરાલિમ્પિક રમતોનું 'આંતરરાષ્ટ્રીય પેરાલિમ્પિક સમિતિ' (IPC) દ્વારા સંચાલન કરવામાં આવે છે.

⇛ તાજેતરમાં જાપાનના ટોક્યો ખાતે 16 મી Summer Paralympics 2020નું આયોજન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પેરાલિમ્પિકમાં ભારત

⇛ ભારતે સૌપ્રથમ વર્ષ 1968ના તેલ અવીવ પેરાલિમ્પિકમાં ભાગ લીધો હતો. પરંતુ આ પેરાલિમ્પિકમાં એકપણ મેડલ પ્રાપ્ત થયા ન હતા.

⇛ પેરાલિમ્પિક્સમાં ભારતનો પ્રથમ મેડલ વર્ષ 1972માં આવ્યો હતો.

⇛ જેમાં શ્રી મુરલીકાંત પેટકરે સ્વિમિંગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

⇛ 1976ના ટોરેન્ટો પેરાલિમ્પિક અને 1980ના આર્નહેમ પેરાલિમ્પિકમાં ભારતે ભાગ લીધો ન હતો.

⇛ વર્ષ 1968 થી 2020-21 સુધીમાં ભારતે પેરાલિમ્પિકમાં 9 ગોલ્ડ, 12 સિલ્વર અને 10 બ્રોન્ઝ સહિત કુલ 31 મેડલ જીત્યા છે.

## પેરાલિમ્પિકમાં ભારતના મેડલ્સ

| ક્રમ | ગેમ્સ-વર્ષ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | 1960- રોમ | ભાગ લીધો ન હતો | | | |
| 2 | 1964- ટોક્યો | | | | |
| 3 | 1968- તેલ અવીવ | 0 | 0 | 0 | 0 |
| 4 | 1972- હિડલબર્ગ | 1 | 0 | 0 | 1 |
| 5 | 1976- ટોરન્ટો | ભાગ લીધો ન હતો | | | |
| 6 | 1980- આર્હેમ | | | | |
| 7 | 1984- સ્ટોક મેન્ડેવિલે/ ન્યુયોર્ક | 0 | 2 | 2 | 4 |
| 8 | 1988- સિઓલ | 0 | 0 | 0 | 0 |
| 9 | 1992- બાર્સેલોના | 0 | 0 | 0 | 0 |
| 10 | 1996- એટલાન્ટા | 0 | 0 | 0 | 0 |
| 11 | 2000- સિડની | 0 | 0 | 0 | 0 |
| 12 | 2004- એથેન્સ | 1 | 0 | 1 | 2 |
| 13 | 2008- બેઈજિંગ | 0 | 0 | 0 | 0 |
| 14 | 2012- લંડન | 0 | 1 | 0 | 1 |
| 15 | 2016- રિયો ડી જાનેરો | 2 | 1 | 1 | 4 |
| 16 | 2020- ટોક્યો | 5 | 8 | 6 | 19 |
| | કુલ | 9 | 12 | 10 | 31 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પેરાલિમ્પિકમાં બેથી વધારે મેડલ જીતનાર ભારતીય ખેલાડીઓ

| ક્રમ | ખેલાડીનું નામ | કુલ મેડલ | વિશેષતા |
|---|---|---|---|
| 1 | શ્રી દેવેન્દ્ર ઝાંઝરિયા | 3 | – જેવેલિન થ્રોની રમત સાથે સંકળાયેલ છે.<br>– 2004ના એથેન્સ અને 2016ના રિયો પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા<br>– ટોક્યો પેરાલિમ્પિક 2020માં સિલ્વર મેડલ જીત્યો |
| 2 | શ્રી મરિયપ્પન થંગાવેલુ | 2 | – તેઓ હાઈ જમ્પની રમત સાથે સંકળાયેલ છે.<br>– 2016ના રિયો પેરાલિમ્પિકમાં ગોલ્ડ<br>– 2020ના ટોક્યો પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો |
| 3 | સુશ્રી અવની લેખરા | 2 | – શૂટિંગની રમત સાથે સંકળાયેલ છે.<br>– ટોક્યો પેરાલિમ્પિકમાં એક ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ |
| 4 | શ્રી જોગિન્દર સિંહ બેદી | 3 | – તેઓ ભારતના ટ્રેક એન્ડ ફિલ્ડ ખેલાડી છે.<br>– વર્ષ 1984ના પેરાલિમ્પિકમાં શોટ પુટ ઈવેન્ટમાં સિલ્વર, જેવેલિન અને ડિસ્ક થ્રોની ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. |
| 5 | શ્રી સિંહરાજ અધના | 2 | – તેઓ શૂટિંગની રમત સાથે સંકળાયેલ છે.<br>– ટોક્યો પેરાલિમ્પિક 2020માં એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીત્યો છે. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS



**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT